# પ્રભુમિલનનો સાચોમાર્ગ



# પ્રભુમિલનનો સાચો માર્ગ

## ‘‘મુક્તિ અને જીવનમુક્તિની પ્રાપ્તિ માટે સાચો માર્ગ ક્યો છે ?’’

*

આજે
સંસારની અંદર
ઈશ્વરાનુભૂતિ માટેના
અનેકાનેક માર્ગ પ્રચલિત છે. તેમાંના
કેટલાકનાં નામ આ પ્રમાણે છેઃ ભક્તિ, શાસ્ત્રોક્ત,
જ્ઞાન, સંન્યાસ, યજ્ઞ, તીર્થ-યાત્રા, યોગ વગેરે.
આ દરેકની અંદર ઘણા જ મતભેદો છે. આ પુસ્તિકામાં
નિષ્પક્ષ ભાવથી આ બધી બાબતોની સમીક્ષા કરવામાં
આવી છે. એ વાત પર વિચારવામાં આવ્યું છે કે,
ઈશ્વરાનુભૂતિનો અથવા મુક્તિ-જીવનમુક્તિની પ્રાપ્તિનો
સાચો અને સરળ માર્ગ ક્યો છે, અને
તેના અનુસંધાનમાં ઈશ્વરાનુભૂતિનો
ટૂંકમાં ઉલ્લેખ
પણ છે.

*


*** પ્રકાશક ***

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

પાંડવ ભવન, માઉન્ટ આબુ, રાજસ્થાન

# ઈશ્વરાનુભૂતિ માટેનાં વિધિ-વિધાન

જ્યારે કોઈ વ્યક્તિ એમ કહે કે ઈશ્વરાનુભૂતિ દ્વારા પરમ આનંદ, પરમશક્તિ, અતીન્દ્રિય સુખ તેમ જ મુક્તિ-જીવનમુક્તિની પ્રાપ્તિ થાય છે, તો અન્ય લોકોનાં મનમાં પણ આવી ઈચ્છા ઉત્પન્ન થાય કે પોતે પણ ઈશ્વરાનુભૂતિનું અલૌકિક સુખ પ્રાપ્ત કરે. પરંતુ તેને ઈશ્વરનો પરિચય આપવામાં આવે છે ત્યારે પ્રથમ તો તેને વિવેક સંમતિની જાણ નથી થતી અને પછી અનુભૂતિ માટે જે વિધિ-વિધાન તેને બતાવવામાં આવે છે, તે પ્રમાણે આચરણ કરવા છતાં પણ જ્યારે તેને ઈશ્વરાનુભૂતિ નથી થતી ત્યારે તે નાસ્તિક બની જાય છે. અથવા તો નિરાશ થઈ જાય છે અને ઈશ્વર વિમુખ થઈને વિષય-વિકારોના પુજારી બની જાય છે.

તે ઉપરાંત સ્વયં ધર્મ પ્રચારકો પણ કહેતા હોય છે કે ‘‘પરમાત્મા અગમ અગોચર છે, અપરંપાર છે અને ઈશ્વરાનુભૂતિ એ ઘણી જ મુશ્કેલીઓ પછીની પ્રાપ્તિ છે’’, ઘણાં લોકો તો એટલે સુધી કહે છે કે ‘‘ઈશ્વરને કોઈએ જોયા અને જાણ્યા નથી, ઈશ્વર તો માત્ર એક શ્રદ્ધા અને ભાવનાની વાત છે.’’ આવી પાયા વગરની વાતો સાંભળી લોકો આધ્યાત્મવાદને મિથ્યા માની છોડી દે છે.

આ પુસ્તકમાં અમે અનેક પ્રચલિત માર્ગોની સમીક્ષા કરી છે, અને ઈશ્વરાનુભૂતિ માટેનાં સરળ અને વિવેકયુક્ત માર્ગનો ઉલ્લેખ કર્યો છે કે જેથી મનુષ્યાત્માઓ-ઈશ્વરાનુભૂતિના પરમસુખ તેમ જ આનંદને, તેમજ મન-વચન-કર્મ-પવિત્રતાને પ્રાપ્ત કરી શકે.

-સંપાદક

---

**મુદ્રકઃ-** ઓમશાંતિ પ્રેસ, જ્ઞાનામૃત ભવન, શાંતિવન, તળેટી,
પો.ઓ. મુદરલા, આબુરોડ-૩૦૭ ૦૨૬ (રાજસ્થાન)

# અનુક્રમણિકા


**(૧) ઈશ્વરાનુભૂતિનો તથા મુક્તિ-જીવનમુક્તિનો માર્ગ એક છે કે અનેક ? ૫**

૧. અનેક માર્ગ એક નગર તરફ લઈ જાય છે ૫

૨. લક્ષ્યમાં મતભેદ હોવા છતાં એક લક્ષ્યની પ્રાપ્તિ શક્ય છે ? ૬

૩. શું ઈશ્વર વિષે મતભેદ હોવા છતાં પણ બધા ઈશ્વરાનુભૂતિ કરી શકે છે ? ૭

૪. એક જ પર્વત પર અનેક બાજુથી ચઢાણ ૮

૫. શ્રેષ્ઠ માર્ગ ક્યો ? ૯

૬. મુકિત-જીવનમુકિતની પ્રાપ્તિનો માર્ગ એક જ છે. ૧૦

૭. શું યોગમાર્ગ એક છે કે યોગ પણ અનેક પ્રકારના છે ? ૧૧

૮. જ્ઞાન-યોગ સિવાય બીજો કોઈ માર્ગ શા માટે શક્ય નથી ? ૧૨

૯. સત્ય એક હોવાથી સન્માર્ગ પણ એક. ૧૨

૧૦. સત્યમાર્ગ બતાવનાર માત્ર પરમાત્મા છે, તેથી સન્માર્ગ એક છે. ૧૩

**(૨) શું યોગ-માર્ગ અનેક છે કે વાસ્તવિક યોગ-માર્ગ એક જ છે ? ૧૫**

૧. જ્ઞાન-યોગની સમીક્ષા ૧૫

૨. આ યોગનું નામ કર્મ-યોગ પણ છે. ૧૬

૩. આ યોગને સંન્યાસ-યોગ પણ કહી શકાય ૧૬

૪. આવું લાંબું નામ કેમ ? ૧૬

૫. હઠયોગ ઈશ્વરાનુભૂતિનો માર્ગ નથી ૧૮

૬. તત્ત્વયોગ પણ મનુષ્યની કૃતિ છે ૧૯

૭. ભક્તિયોગ અને ધ્યાનયોગ ૨૦

**(૩) ઈશ્વરાનુભૂતિનો એક માત્ર સહજ અને સાચો રસ્તો ક્યો છે ? ૨૧**

૧. ઈશ્વરાનુભૂતિ માટે સર્વની ઈચ્છા અને પુરુષાર્થ ૨૧

૨. અનેક સાધના કરવા છતાં પણ ઈશ્વરાનુભૂતિ
શા માટે થતી નથી ? ૨૨
૩. શું પ્રભુમિલન માટે પ્રેમ પૂરતો નથી ? ૨૪
૪. જ્ઞાન વગર પ્રભુપ્રેમ અંધશ્રદ્ધા છે. જ્ઞાન એ જ
પ્રભુદર્શન માટે નેત્ર ૨૪
૫. સંબંધના જ્ઞાન વગર મિલન નીરસ ૨૬
૬. પરમાત્મા સાથે યથાર્થ સંબંધ ન જોડવાથી પ્રાપ્તિમાં
મહાન અંતર ૨૭
૭. ઈશ્વરાનુભૂતિ માટે પુરુષાર્થનું જ્ઞાન પણ જરૂરી છે ૨૮
૮. સાચો સંન્યાસ શું છે ? ૩૧
૧૦. યાત્રા દ્વારા ઘણી પ્રાપ્તિ થવા છતાં ઈશ્વરાનુભૂતિ
શા માટે થતી નથી ? ૩૨
૧૧. આવી યાત્રાઓ દ્વારા ઈશ્વરાનુભૂતિ શા માટે
થતી નથી ? ૩૪
૧૨. શું યજ્ઞ દ્વારા ઈશ્વરાનુભૂતિ શક્ય છે ? ૩૬
૧૩. કર્મકાન્ડ દ્વારા ઈશ્વરાનુભૂતિ શા માટે થતી નથી ? ૩૭
૧૪. સાચા યજ્ઞનું સ્વરૂપ ૩૮
૧૫. સર્વ યજ્ઞ 'જ્ઞાન-યજ્ઞ' માં સમાયેલા છે. ૩૯
૧૬. ભક્તિના નવ પ્રકાર ૪૦
૧૭. શું ભક્તિથી યથાર્થ ઈશ્વરાનુભૂતિ શક્ય છે ? ૪૧
૧૮. સત્ય સ્વરૂપ પરમાત્માનો યથાર્થ પરિચય ન હોવાના
કારણે સાચી અનુભૂતિ થતી નથી ૪૨
૧૯. ભક્તો પ્રત્યે પરમાત્માનાં મહાવાક્યો ૪૩
૨૦. મનુષ્ય પરમપિતા પરમાત્માને જાણી શકવા સમર્થ છે ? ૪૪
૨૧. પરમાત્માનો પરિચય આપવાવાળા પરમ સદ્‌ગુરુ
કોણ હોઈ શકે ? ૪૫
૨૨. કોડી સમાન જીવન ૪૫
૨૩. એ નિર્ણય કેવી રીતે થાય કે ઈશ્વરીય જ્ઞાન ક્યું છે ? ૪૬
૨૪. શું પહેલાં કર્મકાંડ પછી ભક્તિ અને ત્યાર બાદ
જ્ઞાન હોવું જોઈએ ? ૪૭
૨૫. શું કળિયુગમાં ફક્ત હરિનામ સ્મરણ જ પૂરતું નથી ? ૪૮

# ઈશ્વરાનુભૂતિનો તથા મુક્તિ અને જીવનમુક્તિનો માર્ગ એક છે કે અનેક ?

આજે સંસારમાં ઘણા પ્રકારના મત-મતાંતરો પ્રચલિત છે. દરેક મતના અનુયાયીઓની માન્યતાઓ જુદી જુદી, સાધના વગેરેની પરિભાષા પણ જુદી-જુદી હોય છે. છતાં પણ આજે ઘણાં લોકોનું કહેવું એમ છે કે "લક્ષ્ય તો એક જ છે. પરંતુ પ્રાપ્તિ માટેના માર્ગ અલગ અપનાવેલા છે." વધુમાં એમ પણ કહેતા હોય છે: "બધા જ વિચારોવાળા લોકો ઈચ્છે છે કે અમને મુક્તિ અથવા તો ઈશ્વરની પ્રાપ્તિ થાય. પરંતુ પ્રાપ્તિ માટે કોઈ ભક્તિનો આશરો લે છે કોઈ યોગ સાધનાનો, કોઈ વળી યજ્ઞ તથા કર્મકાંડ દ્વારા પ્રભુ-મિલનનો પુરુષાર્થ કરે છે. કોઈ તો સંસારને ત્યજી સંન્યાસ માર્ગ અપનાવી મુકિતનો આનંદ માણવા પ્રેરાય છે, તો કોઈ પોતાનાં કર્મને જ ધર્મ સમજી કર્તવ્યમાં લાગી ગયા છે. માર્ગ અલગ-અલગ હોવા છતાં ભાવના અને ઈચ્છા તો સર્વની એક સમાન છે. બધા માર્ગ એક ઈશ્વર તરફ લઈ જવાવાળા છે."

## અનેક માર્ગ એક નગર તરફ લઈ જાય છે : એક ઉદાહરણ

ઘણાનું કહેવું છે કે "જેમ વારાણસી પહોંચવા માટે કલકત્તા, કાશ્મીર, મુંબઈથી જવાવાળી વ્યક્તિઓના માર્ગ ભલે જુદા-જુદા હોય પરંતુ લક્ષ્ય તો એક જ છે. જુદા-જુદા માર્ગ પરથી પણ તેને વારાણસી જરૂર પહોંચવાનું છે. તે જ રીતે બધા માર્ગ અથવા સાધનાના પ્રકારો મનુષ્યને મુક્તિ અથવા ઈશ્વર તરફ લઈ જાય છે. પ્રશ્ન ત્યાં થાય છે કે ઉપર બતાવેલ માન્યતાઓ સત્ય છે ? જો સત્ય ન હોય તો ક્યો માર્ગ સત્ય ? અને આપણે કેવી રીતે સ્વીકારીએ કે અમુક માર્ગ અસત્ય છે ?"

## ઉપરના ઉદાહરણ પર વિચાર

ઉપર જે ઉદાહરણ આપવામાં આવ્યું છે, તેના ઉપર વિચારવું ઘણું જ જરૂરી છે. ઉપરનું ઉદાહરણ ઘણું જ યુક્તિ-યુક્ત છે, છતાં અયોગ્ય છે. કારણ, પ્રભુ મિલનનો સાચો માર્ગ આ વિષયમાં વિચારવાની વાત તો એક જ છે કે કલકત્તા, કાશ્મીર, મુંબઈથી રવાના થવાવાળા યાત્રિકોનું લક્ષ્ય એક જ છે. વારાણસી જવું હોય તો તેઓ તે દિશા તરફ જ જતી ગાડીઓમાં બેસીને લક્ષ્ય હાંસલ કરશે. ઈશ્વરીય સાધકો કહેતા હોય છે કે ''અમારું લક્ષ્ય તો ઈશ્વરની પ્રાપ્તિનું જ છે.'' તો વિચાર કરીએ કે તેઓની જ બાબતોમાં ઈશ્વર-પ્રાપ્તિની પરિભાષાઓ, મંતવ્યો નથી એક, નથી દિશા એક. તો ભલા એક લક્ષ્ય કે એક સ્થાન પર કેવી રીતે પહોંચી શકાય ?

ઘણી વ્યક્તિઓ એમ માનતી હોય છે કે મુક્તિ પ્રાપ્ત થયા પછી આત્મા પરમાત્મામાં લીન થઈ જાય છે. વળી કોઈ કહે છે કે, આત્મા પરમાત્માનો અંશ છે. બીજા ઘણા એમ પણ કહે છે કે આત્મા પરમાત્માનો અંશ નથી, આત્માને પોતાનું અનાદિ સ્વરૂપ છે. અવિનાશી આત્મામાં જ પરમાત્મા વ્યાપક છે. ઘણા એમ પણ માનતા હોય છે કે પરમાત્માનું કોઈ જુદું સ્વરૂપ જ નથી, પરંતુ મુક્તિની અવસ્થામાં આત્મા પોતે જ પરમાત્મા પદને પ્રાપ્ત કરે છે. ઘણા લોકો દેવતાને જ ઈશ્વર માની લઈ તેની પ્રાપ્તિને જ ઈશ્વરમિલન માને છે.

## શું લક્ષ્યમાં વિભિન્નતા હોવા છતાં પણ બધાં એક લક્ષ્યને પ્રાપ્ત કરે છે ?

એ સ્પષ્ટ છે કે એક વ્યક્તિ જેને મુક્તિ માને છે, તો બીજા તેને મુક્તિ નથી માનતા અથવા એક વ્યક્તિ જેને ઈશ્વર માને છે તેને બીજા 'ઈશ્વર' નથી માનતા. જેથી સ્પષ્ટ છે કે લક્ષ્ય વિષે સર્વનું મંતવ્ય જુદું-જુદું છે. તો ભલા વિભિન્ન માર્ગ પરથી વિભિન્ન

લક્ષ્ય લઈને જવાવાળી વ્યક્તિઓ એક જ લક્ષ્યને કેવી રીતે પ્રાપ્ત કરી શકે? 'મુક્તિ' અને 'ઈશ્વર' પ્રાપ્તિ આ બે શબ્દોનો પ્રયોગ ઘણા મતોના અનુયાયીઓ કરે છે. છતાં આ બે શબ્દોનો જે અર્થ અથવા અભિપ્રાય તેઓ આપે છે, તેમાં ઘણી વિભિન્નતા જોવા મળે છે. માત્ર શબ્દોની સરખામણીને જોઈને માની લેવું કે સર્વનું લક્ષ્ય એક છે, તે ભૂલભરેલું છે.

## આ વાતને આપણે એ ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરીએ

માનો કે થોડાં લોકો સિકન્દરાબાદ જવાની ઈચ્છા રાખે છે. પરંતુ 'સિકન્દરાબાદ' શબ્દથી એક વ્યક્તિ 'દક્ષિણ ભારત' મૈસૂર-પ્રદેશવાળું સમજે, બીજો પાકિસ્તાનમાં આવેલ સિકન્દરાબાદનો નિર્દેશ કરે, ત્રીજો વળી ઉત્તર-પ્રદેશમાં બુલન્દ શહેર જિલ્લામાં આવેલા સિકન્દરાબાદ જવાનું સમજે. હવે તમે જ બતાવો કે તે સર્વે એક જ સ્થાન પર કઈ રીતે પહોંચી શકે? સ્પષ્ટ છે કે તેઓ ત્યાં નહિ પહોંચી શકે. તેવી જ રીતે જો 'મુક્તિ' અથવા 'ઈશ્વરપ્રાપ્તિ' પરત્વેના વિચારો, માન્યતાઓ અને અર્થમાં વિભિન્નતાઓ હોય, તો સર્વનું લક્ષ્ય એક જ છે તેમ માનવું એ ભૂલભરેલું છે. હવે આપણે એક બીજા ઉદાહરણ ઉપર વિચાર કરીશે.

## શું ઈશ્વર વિષે મતભેદ હોવા છતાં પણ બધા ઈશ્વરાનુભૂતિ કરી શકે છે?

આજે ઘણા લોકો કહેતા હોય છે કે "એક ધર્મના અનુયાયીઓ પોતાની ભાષામાં પરમાત્માને 'ગોડ' કહે છે, બીજા ધર્મવાળા તેને 'અલ્લાહ' કે 'ખુદા' ના નામથી યાદ કરતા હોય છે, તો વળી ત્રીજા ધર્મવાળા લોકો તેને ઈશ્વર અથવા અન્ય બીજા કોઈ નામથી યાદ કરે છે. પરંતુ વાત તો એક જ છે. જેમકે કોઈ વ્યક્તિ એક ચીજને 'ઘઉ' બીજો 'કણક' તો વળી ત્રીજો તેને પોતાની ભાષામાં 'વ્હીટ'

કહે, પરંતુ મત તો દરેકનો એક જ હોય છે ને ? ઈશારો તો બધાંનો એક જ ચીજ તરફનો હોય છે ને ? આમ દરેકનો મત તો એક જ છે. હવે આ ઉદાહરણ પર વિચારતાં તમે સમજી શકશો કે ભલે તેનાં નામ જુદાં-જુદાં છે, પરંતુ વસ્તુ તો એક જ છે. જ્યારે 'ગોડ', 'ઈશ્વર', 'અલ્લાહ' વગેરે શબ્દોનો પ્રયોગ કરવાવાળા જુદા જુદા ધર્મોના અનુયાયીઓ, આ શબ્દોનો અર્થ પણ અલગ-અલગ આપે છે. એક મત અનુસાર 'અલ્લાહ' એટલે સાતમા આકાશ પર રહેવાવાળા (મુસ્લિમ સમાજની માન્યતા પ્રમાણે). બીજા મત અનુસાર બ્રહ્મ એ જ એક માત્ર તત્વ છે (અદ્વૈતવાદી વેદાન્તિઓની માન્યતા પ્રમાણે), ત્રીજા ધર્મના મત અનુસાર પરમાત્માને આત્માથી અલગ પરંતુ કણ-કણમાં વ્યાપક માનવામાં આવે છે (આર્યસમાજીઓનું મંતવ્ય). જો માત્ર શબ્દોની જ ભિન્નતા હોત તો અલગ વાત હતી, પરંતુ અહીં તો ઈશ્વરના સ્વરૂપ વિશે જ ભિન્નતા છે. જેથી બધા મતોને એક માનવા અથવા બધાનું લક્ષ્ય એક માનવું એ ભૂલભરેલું છે.

## એક ઉદાહરણ : એક જ પર્વત પર અનેક બાજુથી ચઢાણ

ઉપરના વિષયમાં લોકો એક ઉદાહરણ આપે છે, તેના પર વિચારીએ. તેઓ કહે છે કે ''મુક્તિ અથવા ઈશ્વરની પ્રાપ્તિ પર્વતના એક શિખર સમાન છે, જ્યાં આપણે બધાએ પહોંચવું છે.'' આમ જેમ પર્વતની ટોચ પર પહોંચવા માટે કોઈ સામેનાં ચઢાણ પરથી મહેનત કરે - કોઈ પૂર્વથી - કોઈ પશ્ચિમથી, કોઈ એક માર્ગથી કોઈ બીજા, છતાં લક્ષ્ય તો દરેકનું એક જ રહે છે કે પર્વતની ટોચ પર પહોંચવાનું જ હોય છે, તે માટે તેઓ અલગ અલગ માર્ગ અપનાવે છે, છતાં બધા પહોંચે છે તો ત્યાં જ.

## ઉપરના ઉદાહરણ પર વિચાર

આ ઉદાહરણમાં પણ એ ભૂલ રહી ગઈ છે કે સર્વનું લક્ષ્ય એક જ પર્વતના એક જ શિખર પર પહોંચવાનું છે, તેવું માની લીધું છે. પરંતુ હકીકત તો જુદી જ છે. જેમ કે સંસારમાં જોઈએ છીએ કે કોઈ ટુકડી હિમાલય પર્વતમાળાના કોઈ એક શિખર (એવરેસ્ટ) પર પહોંચવાની ઈચ્છા રાખે છે. બીજા વળી બીજા શિખર (કૈલાસ) પર. તેવી જ રીતે આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી ઈશ્વરના સ્વરૂપ વિષે જુદા-જુદા મત હોવાના કારણે સર્વ મનુષ્ય જુદા-જુદા લક્ષ્ય પર પહોંચવાનો પ્રયાસ કરે છે. સર્વનું લક્ષ્ય અને માર્ગ અલગ છે. એ માનવું ઘણું ભૂલભરેલું છે કે વિભિન્ન માર્ગ પર ચાલવાવાળા લોકો વહેલા કે મોડા એક જ સ્થાન પર પહોંચે છે, કારણ કે એક જ સ્થાન પર પહોંચવા માટે અનેક માર્ગથી જનાર લોકો, કે એક જ માર્ગથી જવાવાળા સર્વ મનુષ્યો ઘણી વખત પોતાના લક્ષ્યને હાંસલ કરી શકતા નથી.

## શ્રેષ્ઠ માર્ગ ક્યો ?

લક્ષ્ય પર વિચાર કર્યા પછી હવે આપણે માર્ગની શ્રેષ્ઠતા અથવા સત્યતા પર વિચાર કરીશું. ઉપરનાં ઉદાહરણો પર વિચાર કર્યા પછી એક વાત જરૂર સ્પષ્ટ થઈ હશે કે પ્રથમ તો મનુષ્યને લક્ષ્યનું નિશ્ચયાત્મક જ્ઞાન હોવું જરૂરી છે. અર્થાત્ એ ખ્યાલ હોવો જોઈએ કે 'મુક્તિ' કોને કહેવાય ? બંધન કોને કહેવાય ? માનવજીવનમાં બંધન ક્યારે શરૂ થયાં ? અને હવે તેને મુક્તિ અને જીવનમુક્તિની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે ? તે ઉપરાંત તેને એ પણ જાણ હોવી જરૂરી છે કે પરમાત્માનું સ્વરૂપ શું છે ? તેની સાથે મનુષ્ય આત્માઓનો સંબંધ શું છે ? પરમાત્માથી શું પ્રાપ્તિ થાય છે ? શું પરમાત્મા સર્વવ્યાપી છે ? કે કોઈ વિશેષ સ્થાનના નિવાસી છે ? શું આત્મા એ જ પરમાત્મા છે કે પરમાત્મા સર્વ આત્માઓથી પરમ અને શ્રેષ્ઠ છે ? શું આત્મા એ પરમાત્માનો અંશ છે ? કે તેનો

'અમૃત-પુત્ર' ?

ઉપરની સર્વ વાતો જાણવી મનુષ્ય માટે અત્યંત આવશ્યક છે. તેથી જ કહેવાય છે કે 'જ્ઞાન વગર મનુષ્યાત્માની સદ્ગતિ થતી નથી.' આમ 'જ્ઞાન માર્ગ' એ જ સર્વ માર્ગોમાં શ્રેષ્ઠ છે. પરમાત્માના મિલનનો જે માર્ગ છે તે 'યોગ માર્ગ' કહેવો યોગ્ય ગણાશે, કારણ કે યોગનો અર્થ જ એ થાય છે કે મળવું કે સંબંધ જોડવો. યોગ સિવાય અન્ય જે માર્ગ છે તે કાં તો 'વિયોગ માર્ગ' છે કે 'ભોગ માર્ગ'. તે મિલનનો માર્ગ નથી પરંતુ પરમાત્મા પાસેથી અલ્પકાળ માટે સ્વાસ્થ્ય, ધન, કીર્તિ, આયુષ્ય કે શાંતિ માંગવાના રસ્તા છે. તેના આધારે મુક્તિ જીવનમુક્તિની પ્રાપ્તિ થઈ શકતી નથી.

## મુક્તિ-જીવનમુક્તિની પ્રાપ્તિનો માર્ગ એક જ છે

આ ઉપરથી સિદ્ધ થાય છે કે મુક્તિ-જીવનમુક્તિની પ્રાપ્તિનો એક માત્ર માર્ગ છેઃ જ્ઞાન અને યોગનો સમન્વય. તેને આપણે 'જ્ઞાન-યોગ' માર્ગ કહીશું. યોગ ઉપરાંત જેટલા પણ માર્ગ છે (જેવા કે ઈશ્વરની પ્રાર્થના, વંદના, સ્તુતિ વગેરે) તે લૌકિક સફળતા અથવા ભૌતિક પદાર્થોની પ્રાપ્તિ કરવા માટેના પ્રાર્થના માર્ગ હોઈ શકે, પરંતુ તે ઈશ્વર પ્રાપ્તિના માર્ગ અથવા મુકિત જીવનમુક્તિના માર્ગ ન હોઈ શકે. આમ તેને 'યોગ માર્ગ' ન કહી શકાય.

પ્રત્યેક કર્મનું કાંઈ ને કાંઈ ફળ તો હોય છે જ. જેથી કર્મકાંડ, પૂજા વગેરે માર્ગ દ્વારા ધન, સ્વાસ્થ્ય, રિદ્ધિ-સિદ્ધિ, ઈષ્ટ દેવનાં દર્શન વગેરેની પ્રાપ્તિ થવી અસંભવ નથી. છતાં તેનાથી મનુષ્યને કર્મ-બંધનમાંથી મુક્તિ મળી જાય, તેનાં સર્વ દુઃખ દૂર થઈ જાય અને તે પરમાત્માને પ્રાપ્ત કરી લે - એમ નથી બની શકતું. આ વિષયમાં તો તેઓએ 'નેતિ નેતિ' કબુલ્યું છે. એટલે જ કહેવાય છે કે ''યોગ વગર પરમાત્માને પ્રાપ્ત નથી કરી શકાતા.'' ઈશ્વરને અથવા સત્યને શોધવાના માર્ગ પણ અનેક હોઈ શકે, પરંતુ ઈશ્વરની

સહજ અને યથાર્થ પ્રાપ્તિનો માર્ગ (યોગ-માર્ગ) તો અલગ અને અજોડ છે. યોગ વગરનું મનુષ્યજીવન એટલે ભોગી જીવન. સ્થિર બુદ્ધિ, અનાસક્તિ તથા ઈશ્વરના સ્વરૂપનું મનન એ જ 'યોગ માર્ગ' છે. તેના અભાવથી મનુષ્યમાં ચંચળતા, આસક્તિ, માયાનું ચિંતન, લાલચ, તૃષ્ણા વગેરે જોવા મળશે. આ પ્રકારના માનવજીવન માર્ગને 'ઈશ્વરાનુભૂતિ' નો માર્ગ કહેવો તે અયોગ્ય છે. સાચા યોગી અથવા 'પ્રભુ-પ્રેમી' તો ખાતાં-પીતાં, 'ચાલતાં-ફરતાં' હરહંમેશ પોતાના પ્રિયતમ પ્રભુની અનન્ય યાદમાં જ રહે છે. 'યોગ માર્ગ' વગર તો 'વિષય-વૈભવો' ની પ્રાપ્તિનું ચિંતન અને વાસનાઓનો જ વ્યવહાર હોય છે. તો શું આવી વૃતિ તથા વિચારવાળા લોકોની ગતિ પરમાત્મા પ્રત્યે હોઈ શકે ? આનો જવાબ કોઈપણ સમજદાર વ્યક્તિ 'હા' માં નહીં આપે, તો ભલા પરમાત્માની પ્રાપ્તિના અનેક માર્ગ કેવી રીતે શક્ય હશે ?

## શું યોગમાર્ગ એક છે કે યોગ પણ અનેક પ્રકારના છે ?

વર્તમાન સમયે સંસારમાં 'યોગ' નામથી ઘણા માર્ગ પ્રચલિત છે. તો અહીં પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શું યોગમાર્ગ અનેક છે કે એક ? જો એક હોય તો ક્યો માર્ગ સત્ય હશે ?

ઉપરોક્ત વાતને જાણવા માટે પ્રથમ એક-બે દુન્યવી પ્રશ્નોનો જવાબ જાણવો લાભદાયક રહેશે. પ્રશ્ન એ છે કે શું કોઈ વ્યક્તિને મળવા માટે તેનાં નામ, રૂપ, રહેઠાણ, વ્યવસાય વગેરેની જાણકારી હોવી આવશ્યક છે કે નહીં ? બીજી વાત એ છે કે મળવાની ઈચ્છા ધરાવનાર વ્યક્તિ, 'ઈષ્ટ વ્યક્તિ' ને શા માટે મળવા માગે છે તથા ક્યા સંબંધથી (ગુરુ-શિષ્ય, મિત્ર ભાવથી કે અન્ય સંબંધથી) મળવાની ઈચ્છા રાખે છે એ જાણવું શું અતિ જરૂરી નથી ? પરિચય થયા વગર સુમિલન થવું અશક્ય છે. મિલનનું ધ્યેય નક્કી થયા વગર

મળવું નિરર્થક છે. સંબંધનો પરિચય થયા વગર 'મિલન' કેવી રીતે શક્ય બને ? પરમાત્મા સાથે મિલન માટે તથા તેમની પ્રાપ્તિ માટે પણ ઉપરોક્ત વાત સત્ય છે.

## જ્ઞાન-યોગ સિવાય બીજો કોઈ માર્ગ શા માટે શક્ય નથી ?

ઉપર પ્રમાણેના સહજ પરિચયને 'જ્ઞાન' કહેવાય છે. પરમાત્માની પ્રાપ્તિનો માર્ગ કે જેને 'યોગ' કહેવાય છે, તે જ્ઞાન પર આધારિત હોવાના કારણે 'જ્ઞાન-યોગ' નામથી પ્રસિદ્ધ છે. જ્ઞાન વગર તો અજ્ઞાન અથવા મિથ્યાજ્ઞાન કહી શકાય. અજ્ઞાન ઉપર આધારિત માર્ગોથી તો મનુષ્યાત્મા વિયોગી બને છે, પદભ્રષ્ટ થાય છે તથા ખરાબ રસ્તે ચઢી જાય છે. તેથી શોધવા છતાં તે ઈષ્ટ દેવને પ્રાપ્ત નથી કરી શકતો. યોગ કોની સાથે કોના દ્વારા, શા માટે અને કઈ રીતે ? આ પ્રશ્નનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થયા બાદ ઈશ્વર દ્વારા મુક્તિ અને જીવનમુક્તિની પ્રાપ્તિ કરી શકાય છે. તેના માટે 'જ્ઞાન-યોગ' માર્ગ સિવાય બીજો કોઈ માર્ગ જ નથી. તેથી જ સન્માર્ગને 'જ્ઞાન-યોગ', 'સાંખ્ય યોગ' વગેરે નામ અપાયાં છે. પરમાત્માની પ્રાપ્તિ માટે સમજદારીનો માર્ગ આ જ છે.

## સત્ય એક હોવાથી સન્માર્ગ પણ એક

થોડા લોકો હઠપૂર્વક કહે છે કે ''બધા પ્રચલિત માર્ગ પરમાત્માની પ્રાપ્તિનાં સાધન છે.'' આ એક આશ્ચર્યજનક વાત છે. પ્રશ્ન એ છે કે સત્ય એક 'હોઈ શકે' કે અનેક ? તો જવાબ મળશે: 'એક'. તો શું પરમાત્માનો સત્ય-પરિચય અથવા સત્ય સ્વરૂપ પરમાત્મા સ્વયં એક છે કે અનેક ? તો જવાબ મળશે: 'એક', આમ જ્યારે પરમાત્મા એક હોય અને સત્ય જ્ઞાન પણ એક હોય તો જ્ઞાન-યોગ માર્ગ અનેક કેવી રીતે હોઈ શકે ? પરમાત્માના સ્વરૂપ વિષે વર્તમાન સમયે જે અનેક મત પ્રચલિત છે તે તમામ

સત્ય કેવી રીતે હોઈ શકે ? જો બધા મત સત્ય હોય તો પ્રત્યેક મનુષ્ય યોગયુક્ત હોવો જોઈએ. કોઈ કહે છે કે 'સૂર્ય' પરમાત્માની રચના છે, કોઈ કહે છે કે સૂર્ય બ્રહ્મનું જ રૂપ છે, વળી કોઈ કહે છે કે 'હું બ્રહ્મ છું.' કોઈ એક વાત કહે છે, બીજા તેનાથી બિલકુલ વિરોધાભાસી વાત બતાવશે. બધાને સત્ય માનવા એ તો મહાન અજ્ઞાનની નિશાની છે.

વિભિન્ન અસત્ય માર્ગો પર ચાલીને એક સત્ય લક્ષ્યને પ્રાપ્ત કરવાની આકાંક્ષા રાખવી એ તો એક સ્વપ્ન સમાન સિદ્ધ થશે. દુન્યવી દ્રષ્ટિથી પણ એક માર્ગ પર છતાં વિપરીત દિશામાં ચાલવાવાળી વ્યક્તિઓ એક સ્થાન પર ક્યારેય પણ પહોંચી નથી શકતી.

## સત્ય માર્ગ બતાવનાર માત્ર પરમાત્મા છે, તેથી સન્માર્ગ એક છે

દુન્યવી (લૌકિક) વ્યવહારમાં કોઈ વ્યક્તિનો પરિચય એક તો તે વ્યક્તિ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે અથવા તો અન્ય એવી વ્યક્તિ પાસેથી કે જેણે તે વ્યક્તિ દ્વારા તેનો પરિચય પ્રાપ્ત કર્યો હોય. એવી જ રીતે પરમાર્થ અથવા યોગના વિષયમાં પણ એ જાણવું જરૂરી છે કે પોતાનો સત્ય પરિચય જ્ઞાન સ્વરૂપ પરમાત્મા સ્વયં અવતરિત થઈને આપે છે. શાસ્ત્ર શિરોમણિ શ્રીમદ્ ભગવત્ ગીતામાં ભગવાનનાં મહાવાક્યો છે કે "મેં પહેલાં પણ આ રાજયોગ શિખવાડ્યો હતો. પરંતુ કાળક્રમે તે પ્રાયઃ લુપ્ત થવાના કારણે હવે ફરીથી યોગનું શિક્ષણ આપવા હું અવતરિત થયો છું. આ ગુહ્ય જ્ઞાન તું મારા દ્વારા જાણ! બ્રહ્મા દ્વારા જ્ઞાનયજ્ઞની સ્થાપના કરી સૃષ્ટિને હું ફરીથી સતયુગી બનાવું છું. દૈવી પ્રવૃતિ, દિવ્ય ધર્મનો સુંદર આદર્શ હું જ રજૂ કરું છું, કારણ કે જો હું સ્વયં કર્મ કરીને ન બતાવું તો સમગ્ર સંસાર પથ-ભ્રષ્ટ થઈ જાય."

જ્ઞાન-યોગ, કર્મ-યોગ, સંન્યાસ-યોગનું જ્ઞાન સ્વયં ભગવાન જ આપી રહ્યા છે તે સ્મૃતિમાં રહે. સ્વયં ભગવાન દ્વારા તેના જ સ્વરૂપ વિષે આપવામાં આવેલ જ્ઞાન તો એક જ છે. બાકી સર્વ રસ્તાઓ તો અલ્પજ્ઞ તથા અપૂર્ણ મનુષ્યાત્માઓ દ્વારા સ્થાપિત કરવામાં આવ્યા છે. આથી પ્રત્યેક માર્ગને ઈશ્વરાનુભૂતિનો માર્ગ અથવા મુક્તિ અને જીવનમુક્તિનો માર્ગ માનવો એ પોતાની જાતને છેતરવા બરાબર છે. આ રહસ્યને સ્પષ્ટ રીતે જાણ્યા બાદ આપ સમજી શક્યા હશો કે વર્તમાન સમયે ફરીથી જે જ્ઞાન અને યોગ સ્વયં ગીતાના ભગવાન શીખવી રહ્યા છે, તે દ્વારા સમજપૂર્વક પોતાના જીવનને જ્ઞાનયુક્ત અને યોગયુક્ત બનાવીશું ત્યારે જ આપણને મુક્તિ અને જીવનમુક્તિની પ્રાપ્તિ થશે, નહીં તો અલ્પકાળ માટે ક્ષણભંગુર પ્રાપ્તિ જ થશે.

# શું યોગ-માર્ગ અનેક છે કે વાસ્તવિક યોગ-માર્ગ એક જ છે ?

ઘણી વ્યક્તિઓ યોગના અનેક પ્રકાર સાંભળીને વિસ્મય પામે છે કે શું યોગ-માર્ગ (પ્રભુ મિલનનો માર્ગ) એક જ હશે કે તેમાં પણ વિભિન્નતા હશે ? યોગની અનેક નામાવલીમાં સહજયોગ, જ્ઞાનયોગ, કર્મયોગ, સંન્યાસયોગ, રાજયોગ, હઠયોગ, તત્ત્વયોગ વગેરે નામ સામાન્ય રીતે જાણીતાં છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે વાસ્તવિક યોગ, જેનું જ્ઞાન સ્વયં યોગેશ્વર પરમપિતા પરમાત્મા 'શિવ' (ગીતાના ભગવાન) આપે છે, તે તો એક જ છે. તેઓ યોગની જે સમજૂતી આપે છે, તે પરમાત્મા તથા આત્મા સંબંધિત જ્ઞાન પર આધારિત હોવાના કારણે 'જ્ઞાનયોગ' કહેવાય છે. આ યોગનો અભ્યાસ બુદ્ધિ દ્વારા કરવાનો હોવાથી તેને 'બુદ્ધિ-યોગ' કહીશું તો પણ ઉચિત ગણાશે. આ જ્ઞાન-યોગને સહજ યોગ પણ કહેવામાં આવે છે. યથાર્થ જ્ઞાન દ્વારા શક્તિ પ્રાપ્ત થાય છે અને તે શક્તિ દ્વારા મનના વિકલ્પોને દૂર કરી સ્વ-સ્વરૂપમાં સ્થિત થવું સહજ બની જાય છે. આથી જ્ઞાનયોગનું જ પર્યાયવાચક નામ 'સહજ-યોગ' પણ કહેવામાં આવે છે. યથાર્થ જ્ઞાન દ્વારા શક્તિ પ્રાપ્ત થાય છે અને તે શક્તિ દ્વારા મનના વિકલ્પોને દૂર કરી સ્વ-સ્વરૂપમાં સ્થિત થવું સહજ બની જાય છે. આથી જ્ઞાનયોગનું જ પર્યાયવાચક નામ 'સહજ-યોગ' પણ છે. તે ઉપરાંત આ સર્વોત્તમ યોગ દ્વારા મનુષ્ય મન-જીત (માયા-જીત) બનવાથી ભવિષ્યમાં જગત-જીત બને છે, તેથી આ યોગને 'રાજયોગ' પણ કહેવામાં આવે છે. આ ઉપરાંત તેના દ્વારા જીવનમાં દિવ્ય-ગુણ ધારણ થવાથી આ યોગને 'દૈવી પ્રવૃત્તિ માર્ગ' પણ કહેવામાં આવે છે. સરળતા માટે ઈશ્વરાનુભૂતિના આ સહજ માર્ગ માટે 'જ્ઞાન-યોગ' નામ પસંદ કરેલું છે.

## આ યોગનું નામ કર્મયોગ પણ છે

બીજી વિચારવા યોગ્ય વાત તો એ છે કે પરિચય સહિત પરમાત્માની યાદમાં રહેવા છતાં કર્મ તો કરવાનું જ છે. કર્મ વગર ન તો જીવનનિર્વાહ શક્ય છે કે ન બીજા પર આધારિત હોવાથી મનુષ્ય કર્મ-બંધનથી મુક્ત થઈ શકે છે. જેથી કર્મ કરતી વખતે જ્ઞાન સહિત પરમાત્માની યાદમાં રહેવાના માર્ગનું નામ છે 'જ્ઞાનયોગ' અથવા 'કર્મયોગ'.

## આ યોગને સંન્યાસ-યોગ પણ કહી શકાય

તે ઉપરાંત એ પણ સત્ય છે કે જે વસ્તુને પ્રાપ્ત કરવી હોય, જે સત્તાની અનુભૂતિ કરવી હોય, તેમાં જ મનને એકાગ્ર કરવું જોઈએ. નહિતર જે ચીજ તરફ મન હશે તે વસ્તુની જ પ્રાપ્તિ કે અનુભૂતિ થશે. ઈશ્વરનો પરિચય પ્રાપ્ત થયા પછી પણ પરમાત્માની સાચી આંતરિક અને ગહન યાદમાં રહેવા માટે મનને બાહ્ય વિષયોથી દૂર કરી ઈશ્વરના જ મનન-ચિંતનમાં લગાડવું ઘણું જરૂરી છે. મનને બધાં દુન્યવી ગુરુઓ, શાસ્ત્રો, મતો, સંબંધો, વિષયો વગેરેથી મુક્ત કરી પરમ સત્‌ગુરુ તેમ જ પારલૌકિક માતા-પિતા પરમાત્મા સાથે જોડવું અનિવાર્ય છે. આમ મનને એક તરફથી દૂર કરવાની ક્રિયાને 'સંન્યાસ' કહેવામાં આવે છે અને તેને ઈશ્વરમાં એકાગ્ર કરવાની ક્રિયાને 'યોગ' કહેવામાં આવે છે. આથી આ જ્ઞાન-યોગને 'સંન્યાસ-યોગ' પણ કહી શકાય. અહીં સંન્યાસનો અર્થ ઘર-બારનો ત્યાગ કરવો એ નહીં. પરંતુ 'મનને સાંસારિક સ્મૃતિઓથી વિસ્મૃત કરવું' તે છે. આમ પ્રભુપ્રાપ્તિના માર્ગનું પૂર્ણ પરિચયાત્મક નામ છે - 'જ્ઞાનયોગ-કર્મયોગ-સંન્યાસયોગ'.

## આવું લાંબું નામ કેમ ?

માત્ર 'જ્ઞાનયોગ' અથવા 'કર્મયોગ' નામ આપવું પૂરતું નથી, કારણ કે ઘણા જ્ઞાન-યોગી લોકો કર્મ-ધર્મને છોડી જંગલોમાં જઈ

વસે છે, જે અયોગ્ય છે. ઘણા લોકો, પરમાત્માનો પરિચય પ્રાપ્ત કર્યા વગર જ તથા તેની યાદમાં નિરંતર અને નિર્વિકારી રીતે સ્થિત થયા વગર જ કર્મમાં તત્પર રહેવાને જ સમજે છે કે અમે 'કર્મયોગી' છીએ. આ પણ એક અનર્થ છે કારણ કે જ્ઞાન અર્થાત્ પરમાત્માના પરિચય વગર તો તેની સાથે યોગ અસંભવિત છે. અને યોગ વગર કર્મ કરવાથી કર્મયોગી બની ન શકાય. ઘણા જિજ્ઞાસુ કર્મ અને ઘરબાર છોડી પોતાને 'સંન્યાસ યોગી' માને છે. આવા લોકો કર્મ સંન્યાસી છે પરંતુ 'સંન્યાસ યોગી' નથી આ તમામ અપૂર્ણ અને અસત્ય માર્ગોથી અલગ તથા પરમાત્માની યથાર્થ પ્રાપ્તિના એકમાત્ર માર્ગનું પૂર્ણ નામ છે - ''જ્ઞાનયોગ-કર્મયોગ-સંન્યાસયોગ''. આ ત્રણ નામો દ્વારા એ અભિપ્રાય નથી કે આ ત્રણ અલગ અલગ માર્ગ છે, પરંતુ આ એક જ માર્ગનું પૂર્ણ નામ છે.

પરંતુ ઘણા લોકો સમજે છે કે ''જ્ઞાનયોગ-કર્મયોગ-સંન્યાસયોગ'' એ ત્રણે અલગ અલગ માર્ગ છે. તેઓનું માનવું છે કે પ્રત્યેક મનુષ્ય પોતાના સંસ્કાર તથા સ્વભાવ અનુસાર જુદા જુદા માર્ગની ઈચ્છા ધરાવે છે. વસ્તુ-સ્થિતિ આ પ્રકારની છે- થોડા મનુષ્યો જ્ઞાન-પ્રધાન હોય છે. તેઓ 'જ્ઞાન-યોગ' માં માને છે. તેમની બુદ્ધિ તીક્ષ્ણ હોય છે, તેમના માટે યોગ વખતે શારીરિક-કર્મ ગૌણ હોય છે. પરંતુ તેઓ જે કર્મ કરે છે તે યોગમાં સ્થિત થઈને જ કરે છે અને મનને વિષય-પદાર્થોથી દૂર કરી પરમાત્મામાં એકાગ્ર (સંન્યાસ યોગ) કરે છે. આમ 'જ્ઞાનયોગી' એ એક પ્રકારના 'કર્મયોગી' તો છે જ. તે પ્રકારે થોડા ઘણા લોકો કર્મ-યોગમાં વધારે કુશળ અને સફળ હોય છે, તેઓ ગૂઢ જ્ઞાનને સમજવા માટે અસમર્થ હોય છે. પરંતુ કર્મ કરતી વખતે તેઓ પરમાત્માની યાદમાં રહે છે, આ માટે તેઓએ પણ પરમાત્માના તથા સ્વયંના સ્વરૂપનું પરમાત્મા સાથે પોતાના સંબંધનું જ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે. આમ જ્ઞાન તો તેમનામાં પણ હોય છે, જ્ઞાન ગૌણ હોવું જુદી વાત

છે. સાથે સાથે મનથી વિષય-વિકારોનો સંન્યાસ તો તેઓએ પણ કર્યો હોય છે. જો વિકારોને ન છોડે તો તેઓ ભોગી થયા, નહીં કે યોગી. આમ 'કર્મયોગ' માં પણ જ્ઞાનયોગ અને સંન્યાસયોગ તો સમાયેલો છે જ. ત્યારે માર્ગોની છિન્ન-ભિન્નતા અથવા અનેકતા ક્યાં રહી ? તેવી જ રીતે, કોઈ વ્યક્તિ જ્ઞાનપ્રધાન ન હોય અને જો તે વૃદ્ધ હોવાને કારણે કર્મમાં પણ વધારે તત્પર ન રહી શકે, પરંતુ તેનો મનોયોગ અથવા વિષય વિકારોથી મનનો સંન્યાસ પૂર્ણ રીતે હોય તો આપણે તેને 'સંન્યાસ-યોગી' કહીશું. પરંતુ જ્ઞાન વગર તો તે પણ મન કઈ જગ્યાએ, શા માટે અને કેવી રીતે લગાવી શકે ? તો સ્પષ્ટ છે કે જ્ઞાન તો તેણે પણ પ્રાપ્ત કરવું જરૂરી છે જ. આમ આ ત્રણે નામો એક જ અવિભક્ત માર્ગ 'જ્ઞાનયોગ-કર્મયોગ-સંન્યાસયોગ' દર્શાવે છે. આ એક જ ઈશ્વર દ્વારા મુક્તિ-જીવનમુક્તિની પ્રાપ્તિ માટેનો તથા ઈશ્વરાનુભૂતિનો સત્ય અને સરળ માર્ગ છે. અન્ય માર્ગ જેવા કે હઠયોગ, તત્ત્વયોગ વગેરે તો મનુષ્ય-કૃત છે, તેને શ્રેષ્ઠમાર્ગ કહી શકાય નહીં.

## હઠયોગ ઈશ્વરાનુભૂતિનો માર્ગ નથી

આપણે આ સંસારમાં જોઈએ છીએ કે કોઈ પણ સુશીલ તથા વિવેકવાન પિતા પોતાના પુત્રોને કદાપિ કષ્ટ આપવાની ઈચ્છા નહીં રાખે. તો પછી પરમાત્મા કે જે સર્વ આત્માઓના પરમપિતા છે, દયાળુ અને કૃપાળુ છે તથા પ્રેમના સાગર છે, તેને મળવા માટે હઠની અર્થાત્ શારીરિક કષ્ટ સહન કરવાની કે ભૂખ્યા રહેવાની ભલા જરૂર છે ખરી ? તો સ્પષ્ટ છે કે આવી હઠક્રિયાઓ કરવી તથા પોતાને દુઃખ આપવું એ પણ એક પ્રકારની હિંસા છે. તેમજ આવી હઠક્રિયાનું વાસ્તવિક જ્ઞાન ન હોવાની નિશાની છે. ઈશ્વરાનુભૂતિ માટે તો ઈશ્વરનું જ્ઞાન, ઈશ્વર પ્રત્યે ગાઢ પ્રેમ તથા પોતાનાં કર્મો અને ચરિત્રની શ્રેષ્ઠતા જરૂરી છે. તેના માટે પગ પર

પગ ચઢાવી બેસવાની કે એક પગે ઊભા રહેવાની, લાંબા-લાંબા ઉપવાસ કરવાની કે આસન-પ્રાણાયામ કરવાની બિલકુલ જરૂર નથી. પરંતુ પરમપિતા પરમાત્માની સ્મૃતિની આવશ્યકતા છે. બુદ્ધિ દ્વારા પરમાત્મા પાસે વાસ કરવો તે જ સાચો ઉપવાસ છે.

## તત્ત્વ-યોગ પણ મનુષ્યની કૃતિ છે.

આ પ્રકારે સ્વયંને જ 'બ્રહ્મ' અથવા 'શિવ' માનવું અથવા આત્માને જ પરમાત્મા માનવું તે ઈશ્વરાનુભૂતિનો માર્ગ નથી. 'યોગ' અર્થાત્ જોડાણ, જો આત્મા એ જ પરમાત્મા હોય તો પછી તે સંબંધ કોની સાથે જોડે ? પછી તો યોગનો પ્રશ્ન જ નથી રહેતો. જ્યારે આપણે સ્વયંને જન્મ-મરણના ચક્રમાં આવવાવાળો આત્મા માનીએ અને પરમાત્માને પરમધામના રહેવાસી તથા શાંતિ, આનંદ તથા પ્રેમના સાગર માનીએ, ત્યારે જ તેમની સાથે સંબંધ જોડી શકાય છે, તેમનામાં મનને એકાગ્ર કરી શકાય છે. સર્વશાસ્ત્ર-શિરોમણિ ગીતામાં પણ ભગવાનનાં મહાવાક્ય છે કે "તું મન મારામાં લગાવ, દેહને વસ્ત્ર માન અને પોતાને 'આત્મા' નિશ્ચય કર. કર્મ કરતાં કરતાં પણ મારી સ્મૃતિમાં રહીને મારી સાથે પ્રીત કર." જો આત્મા સ્વયં પરમાત્મા હોય તો તે પ્રીત કોની સાથે કરે અને મન શેમાં લગાવે ? આમ એ નિશ્ચિત છે કે 'તત્ત્વ-યોગ' મનુષ્યની કૃતિ છે. તે ઈશ્વરાનુભૂતિનો માર્ગ નથી

## ભક્તિયોગ અને ધ્યાનયોગ

હકીકતમાં 'ભક્તિ' શબ્દ ભગવાન પ્રત્યે પ્રેમ, ભાવના કે શ્રદ્ધાનું પર્યાયવાચક નામ છે. આમ ભક્તિયોગ 'જ્ઞાનયોગ-કર્મયોગ-સંન્યાસયોગ'થી અલગ નથી કારણ કે યોગીને ભગવાન ઉપર પ્રેમ તો હોય છે. તેમાં તે સંપૂર્ણ નિષ્ઠાવાન પણ હોય છે. પરંતુ આજે લોકો કોઈ સાકારીની સ્મૃતિમાં લવલીન રહેવાને જ 'ભક્તિયોગ' સમજે છે. ભક્તિયોગ વિષે આ માન્યતા યોગ્ય નથી,

કારણ કે વાસ્તવિક યોગ એ જ છે જેમાં કોઈ પણ શારીરિક આકૃતિનું સ્મરણ કે ચિંતન ન હોય, પરંતુ મન જ્યોતિ સ્વરૂપ પરમાત્માની સ્મૃતિમાં એકાગ્ર થાય. કોઈ પણ દૈહિક આકૃતિની સ્મૃતિ એ પ્રભુના પરિચયના યથાર્થ જ્ઞાન રહિત પ્રભુ-પ્રેમ છે. યથાર્થ રૂપમાં તો ભક્તિયોગ કે ધ્યાનયોગ પણ 'જ્ઞાનયોગ-કર્મયોગ-સંન્યાસયોગ' માં જ સમાયેલો છે, કારણ કે તેમાં પરમાત્માની પ્રેમપૂર્ણ સ્મૃતિ તથા એકાગ્રતા છે.

# ઈશ્વરાનુભૂતિનો એકમાત્ર સહજ અને સાચો રસ્તો ક્યો છે ?

## ઈશ્વરાનુભૂતિ માટેની સર્વની ઈચ્છા અને પુરુષાર્થ

(અહીં નીચે પ્રમાણે સંવાદ (પ્રશ્ન-ઉત્તર) ના રૂપમાં આ વિષયને સ્પષ્ટ કરવામાં આવ્યો છે. અનેકાનેક પ્રકારના પ્રયત્ન કરવા છતાં તથા ઘણા પ્રકારની વિધિથી સાધના કરવા છતાં મનુષ્યને ઈશ્વરાનુભૂતિ માટે વાસ્તવિક યોગમાર્ગ ક્યો છે અને સત્ય જ્ઞાનનાં વાસ્તવિક લક્ષણો ક્યાં છે ?)

– સંપાદક.

**બ્રહ્માકુમારી:** ઈશ્વરાનુભૂતિ અથવા ઈશ્વરપ્રાપ્તિની ઈચ્છા તો બધાને રહે છે જ. માટે સંસારમાં એક પણ મનુષ્ય એવો નહીં હોય જે આવો અત્યંત સુખદાયી અનુભવ કરવાની ઈચ્છા ન ધરાવતો હોય. જો આપણે કોઈ નાસ્તિકવાદીને કહીશું કે -

''આવો, હું આપને ઈશ્વરનો અનુભવ કરાવું,'' તો તે પણ કહેશે - ''કરાવી દો ને, વાર કઈ વાતની છે ?'' કોઈ પથ્થર જેવા કઠોર દિલવાળો માણસ કદાચ આજે આવી ઈચ્છા પ્રદર્શિત ન પણ કરે, પરંતુ આવતી કાલે અવશ્ય મુશ્કેલ પરિસ્થિતિમાં તેના સ્વમુખેથી જ એ ઈચ્છા વ્યક્ત થઈ જશે. પરંતુ જો કોઈ વ્યક્તિને કહેવામાં આવે, ''ભાઈ, ઈશ્વરાનુભૂતિ કોઈ સહજ વાત નથી, તે માટે તો કન્દ-મૂળ ખાઈને જંગલમાં તાપ તથા ઠંડી સહન કરવાની અને નિર્જન સ્થાન પર તીવ્ર તપસ્યા તથા કઠોર ઉપવાસ કરવાની જરૂર છે.'' તો આ સાંભળીને કહેશે કે ''ભાઈ, આ અમારા કામની વાત નથી તે માટે અમે આટલાં દુ:ખ-કષ્ટ સહન ન કરી શકીએ.'' જે લોકોને ઈશ્વરાનુભૂતિ નથી થઈ, તેઓએ જ ડર પેદા કરે તેવા શબ્દો ઉચ્ચારી સામાન્ય માણસને આ અનોખા અનુભવથી વંચિત

કરી દીધો છે. છતાં જેઓને સાચી લગન છે, જેને નિષ્પક્ષભાવથી વિચારવાની આદત છે, તેઓ આવી વાતોથી ડરતા નથી. તેઓ પ્રભુમિલનના માર્ગમાં થંભી ન જતાં આગળ વધે છે. આખરે પરમાત્મા તો છે જ સર્વના હૃદય સમ્રાટ અને પરમપ્રિય.

## અનેક સાધના કરવા છતાં પણ ઈશ્વરાનુભૂતિ શા માટે થતી નથી ?

ભક્તના દિલમાં પ્રભુમિલનની કેટલી પ્રબળ ઈચ્છા હોય છે ! તેઓ ભક્તિ કરતાં-કરતાં મસ્ત બની જાય છે અને ગર્વથી કહે છે : ''પ્રભુ, જો તુ મારી સામે પ્રગટ નહીં થાય તો પછી હું જીવીને શું કરીશ ?'' પ્રભુમિલન માટે ભક્ત પોતાના જીવનને પણ હથેળી પર રાખી પ્રભુ પર ન્યોચ્છાવર થવા પણ તૈયાર થઈ જાય છે. તે ઈચ્છે છે કે કોઈ પણ રીતે તેના પ્યારથી પ્રભુ પ્રસન્ન થઈ જાય અને એક મિનિટ માટે પણ તેની સાથે મંગળકારી મિલન થાય, જેથી તેની જન્મોજન્મની આશા પરિપૂર્ણ થઈ જાય. આ માટે તેઓ પોતાના જીવનનું બલિદાન આપવામાં પણ સંકોચ નથી રાખતા. પરંતુ જીવનભર ભક્તિ કરવા છતાં પણ તેઓની ઈશ્વરાનુભૂતિની ઈચ્છા પરિપૂર્ણ થતી નથી. સંન્યાસી લોકો બાળ-બચ્ચાંનો મોહ છોડી, ઘરબાર અથવા લૌકિક સુખને તિલાંજલિ આપી, સંપત્તિથી મુખ ફેરવી જંગલની કાંટાળી કેડી પર ઉઘાડાપગે ચાલી, આખી જિંદગી એક વૃક્ષની છાયા તળે અસાધારણ હાલતમાં, વગર સાથ-સંગાથ એકલા જીવન વિતાવવા તૈયાર થાય છે. શહેરના માયાવી લોકોની દોડા-દોડીથી દૂર, જંગલના એકાંત વાતાવરણમાં કે કોઈ નદીના કિનારે શાંતિપૂર્વક એક સ્થાન પર કલાકો સુધી પલાંઠી વાળી તથા આંખો મીંચી ધ્યાન કરવાથી કદાચ ક્યાંક પ્રભુનું દર્શન થાય - આવી શુભ આશાથી તેઓ શહેરની હલચલ, મનોરંજન, સુખ-સુવિધા બધું જ છોડીને એક લંગોટી અને એક લાઠી લઈને

નીકળી પડે છે.

'હઠયોગી' લોકો વર્ષો સુધી પ્રાણાયામ, આસન વગેરેનો કઠણ અભ્યાસ કરતાં, શરદઋતુમાં પણ ઠંડા પાણીમાં કલાકો સુધી ઊભાપગે રહીને તથા ભૂખ સહન કરીને 'તપ' કરતાં-કરતાં પ્રભુમિલનની આકાંક્ષા રાખે છે.

કેટલાક લોકો માળા ફેરવવામાં અને મંત્ર જપવામાં તન્મય બની તથા કરોડોવાર 'રામ-રામ', 'શિવ-શિવ' ના મંત્ર લખીને પ્રભુ પાસે જવાની આશા રાખે છે. કેટલાક લોકો કલાકો સુધી સ્થિર નેત્રોથી ત્રાટકનો અભ્યાસ કરે છે, જેથી પરમપ્યારા પ્રભુની છબીનાં કંઈક મનોહર દર્શન તો થઈ જાય! ઘણા લોકો યજ્ઞ, હવન વગેરે વિધિ દ્વારા પ્રભુમિલનની અપેક્ષા રાખે છે. તેઓ વિચારે છે કે ભગવાન આ વિધિ કરવાથી મળી જશે.

આમ પ્રભુમિલનની ઈચ્છા તો બધાંને છે, માટે તો બધાં આ શુભ ઈચ્છાને પૂર્ણ કરવા માટે અનેક પ્રકારે પ્રયત્નો કરે છે. તેઓ સમજે છે કે શ્રેષ્ઠ પ્રાપ્તિ પ્રભુ સિવાય અન્ય કોઈથી પણ થઈ શકતી નથી. આખરે દુ:ખના સમયે તો બધાંનાં મુખેથી એક જ અવાજ નીકળે છે કે "હે પ્રભુ, આપ જ મારા જીવનના સહારારૂપ છો." કહેવાય છે કે "જેનો કોઈ નથી તેનો બેલી ભગવાન." અસહાય માનવનો સહાયક તો આખરે ભગવાન જ છે. 'ભગવાન' ન્યાય આપવાવાળો છે. કહેવાય છે કે ભગવાનના ઘરે ન્યાય છે, અન્યાય નથી. ગરીબ કહે છે કે 'નિર્ધનનું ધન ભગવાન.' અનાથ લોકો પણ કહે છે કે "અમારો નાથ અથવા પરમપિતા તો પરમાત્મા જ છે." સાધક લોકો કહે છે કે 'ભવબંધનમાંથી છોડવાવાળો એક પરમાત્મા જ છે.' રોગી વ્યક્તિ કહે છે "પ્રભુ આપ જ જીવનદાતા છો, પ્રાણોના નાથ છો, જીવનદાન આપો પ્રભુ." આ રીતે સર્વ લોકો પ્રભુને સુખ-શાંતિના દાતા સમજીને તેમને યાદ પણ કરે છે, તેમની મદદ પણ માંગે છે. પરંતુ તેનો સાચો અનુભવ કરી શકતા

નથી. તેઓ ઈચ્છે છે કે જો તેઓને પ્રભુમિલનનું સૌભાગ્ય મળે તો મન નાચી ઊઠે, હૃદય ગદ્-ગદ્ થઈ જાય અને જીવન ધન્ય-ધન્ય બની જાય. આવું વિચારતાં તેઓની આંખો પણ ભીની થઈ જાય છે, છતાં પણ પ્રભુ મિલન તો તેમના માટે દુર્લભ જ બની રહે છે. આનું કારણ એ છે કે તેઓને પ્રભુનો સાચો પરિચય જ નથી. તેઓ સર્વ પ્રકારે પ્રયત્નો તો કરી રહ્યા છે, પરંતુ જેની પ્રાપ્તિ માટે તેઓ આ પ્રયત્ન કરે છે, તેનો તો તેઓને પૂર્ણ પરિચય જ નથી.

## શું પ્રભુ-મિલન માટે પ્રેમ પૂરતો નથી ?

**જિજ્ઞાસુઃ** બહેનજી, લોકો કહેતા હોય છે કે પ્રભુને મળવા માટે તો ફક્ત પ્રેમ જ જોઈએ, પ્રભુ તો પ્રેમના ભૂખ્યા છે. પ્રભુ મિલન માટે જ્ઞાનની શી જરૂરિયાત છે ? પ્રભુનું તો નામસ્મરણ જ પૂરતું છે. કલિયુગમાં તો પ્રભુ નામનો જ મહિમા છે. નામસ્મરણથી પણ પ્રભુ સાથે મિલન તથા ઈશ્વરાનુભૂતિ થઈ શકે છે.

## જ્ઞાન વગર પ્રભુપ્રેમ અંધશ્રદ્ધા છે, જ્ઞાન એ જ પ્રભુદર્શન માટે નેત્ર છે.

**બ્રહ્માકુમારીઃ** જ્યારે-જ્યારે કોઈ ભક્ત પ્રેમ વિભોરિત થઈ પ્રભુને કોઈને કોઈ રૂપમાં યાદ કરે છે. તો ભાવનાનું ફળ આપવા ક્ષણભર માટે પ્રભુ તેને તે રૂપની ઝલક બતાવે છે. પરંતુ એ જરૂરી નથી કે જે રૂપની ઝલક દેખાય કે દર્શન થાય તે ભગવાન જ હોય. ઘણા લોકો ભાવનાના પ્રવાહની અંદર આવી, કોઈ ઉચ્ચ ગુણવાળા મનુષ્યને ભગવાન માની બેસે છે, તો શું તે મનુષ્ય ભગવાન હશે ? નહીં, ભાવના હોય તે એક વાત છે અને વાસ્તવિકતા તેનાથી અલગ છે. પરિચય વગર કોઈ વાતનો સ્વીકાર કરવો તે તો અંધશ્રદ્ધા છે. પ્રભુ પ્રત્યે ભાવના હોવી કે પ્રેમ હોવો તે આવકારદાયક છે. પરંતુ સાથે સાથે પ્રભુ વિષે સત્ય જ્ઞાન હોવું ઘણું જરૂરી છે. જ્ઞાન વગર ભાવના કે પ્રેમ નિરાધાર બની જાય છે અને તે અંધ વિશ્વાસ

પર આધારિત છે. તેથી તો જ્ઞાનને નેત્ર માનવામાં આવે છે. 'જ્ઞાન નેત્ર' દ્વારા જ આત્મા પોતાના પ્રિયતમ પિતા પરમાત્માને ઓળખી શકે છે તથા તેની સાથે મિલન મનાવી અતીન્દ્રિય સુખ પ્રાપ્ત કરી શકે છે. પ્રભુને યથાર્થ રીતે જાણ્યા વગર હંમેશાં અલૌકિક મસ્તીમાં રમણ કરવાની શક્તિ પ્રાપ્ત થઈ શકતી નથી.

એક વ્યક્તિ ભારતના પ્રખ્યાત મહાત્માને મળવાની ઈચ્છા ધરાવે છે. પરંતુ તેને મહાત્માનો યથાર્થ પરિચય પ્રાપ્ત નથી. જો તે મહાત્મા તેની સામેથી જ પસાર થાય, છતાં પણ પરિચય ન હોવાના કારણે તે વ્યક્તિ મહાત્માને મળી નથી શકતી. તેમ જ દર્શનની ખુશીનો અનુભવ કરી શકતી નથી. આવી જ હાલત જ્ઞાનરહિત ભક્તિની છે.

પરિચય વગરનું મિલન વાસ્તવિક 'મિલન' નથી. પરિચય રહિત પ્રેમના ફળ સ્વરૂપ મનુષ્યને જે સાક્ષાત્કાર થાય છે, તે તો 'જેવો ભાવ તેવા દેવ', 'જેવો પુરુષાર્થ તેવું પ્રારબ્ધ', 'જેવું કર્મ તેવું ફળ' તે નિયમાનુસાર જેવી જેની ભાવના છે તે અનુસાર જ પૂર્તિ થાય છે. ભક્ત ભગવાનના વાસ્તવિક સ્વરૂપથી પરિચિત ન હોવાના કારણે ભગવાનને તેના વાસ્તવિક સ્વરૂપમાં તો યાદ જ નથી કરતો. તેથી જ તેને ભગવાનના વાસ્તવિક સ્વરૂપનો સાક્ષાત્કાર પણ નથી થતો.

યથાર્થ પરિચય દ્વારા મિલન સહજ રીતે થઈ શકે છે. આપણે કોઈ વ્યક્તિને તેનાં નામ, રૂપ, રહેઠાણ તથા વ્યવસાયના પરિચયને જાણ્યા વગર શોધી શકીશું કે મળી શકીશું ? કોઈ વ્યક્તિ જેટલી વધારે પરિચિત હશે તેટલું તેની સાથેનું મિલન સહજ થઈ શકશે. પરિચય વગર કોઈ વ્યક્તિને મળવું મુશ્કેલ અને કષ્ટદાયક બને છે. ઈશ્વરને તો પરિચય વગર પ્રાપ્ત કરી જ નથી શકાતા.

## સંબંધના જ્ઞાન વગર મિલન નીરસ

એક બીજી વિચાર કરવા યોગ્ય વાત તે છે કે મિલન હંમેશાં એ કોઈને કોઈ સંબંધના આધારે જ શક્ય બને છે. આથી સંબંધના પરિચય પર આધારિત છે. જ્યાં સુધી કોઈ મનુષ્ય એ ન જાણે કે હું પુત્ર છું અને તે મારા પિતા છે, ત્યાં સુધી પિતા-પુત્રનું સંબંધ વિહોણું મિલન નીરસ અને ઝાંખું લાગે છે. પિતા-પુત્રના સંબંધનું જ્ઞાન તો ત્યારે જ થઈ શકે, જ્યારે તે સ્વયંને પણ ઓળખે અને પોતાના પિતાને પણ ઓળખે. સંબંધના જ્ઞાનયુક્ત મિલનમાં એ ખુશી રહે છે કે હું જેને મળી રહ્યો છું તે મારા પિતા છે અને તેમના દ્વારા મને લાડપ્યાર તેમજ જન્મ-સિદ્ધ અધિકાર પણ મળશે.

**જિજ્ઞાસુ:** બહેનજી, આત્મા સાથે તો પરમાત્માના ઘણા સંબંધ છે.

**બ્રહ્માકુમારી:** પરંતુ વિશેષ સંબંધ ક્યો હશે તે જાણવું પણ અતિ આવશ્યક છે. દા.ત., રાષ્ટ્રપતિનો એક પુત્ર છે. રાષ્ટ્રપતિ સાથે તેનો 'એક નાગરિક' તરીકેનો પણ સંબંધ છે. એક મનુષ્યનો બીજા મનુષ્ય સાથે જે માનવીય સંબંધ હોય છે તે સંબંધ પણ છે. જો તેનો જ પુત્ર કોઈ સરકારી ખાતામાં નોકરી કરતો હોય તો રાષ્ટ્રપતિ સાથે સરકારી કર્મચારી અને સરકારી અમલદાર વચ્ચેનો સંબંધ છે પરંતુ તેને ગર્વ તો તે વાતનો હોય છે કે તે એક રાષ્ટ્રપતિનો પુત્ર છે, અને તે સંબંધના જ્ઞાનનો પ્રભાવ તેના અંગત જીવન પર પણ પડે છે. પોતાના કોઈ કાર્યથી તેના પિતાની બદનામી ન થાય તેની તે ખાસ કાળજી રાખે છે. રાષ્ટ્રપતિ સાથેના તમામ સંબંધોમાં પિતા-પુત્ર તરીકેનો સંબંધ વિશેષ છે. રાષ્ટ્રપતિ સાથે તેનું મિલન મહદ્ અંશે પુત્ર તરીકે થાય છે. તેનો પુત્ર તરીકેનો સંબંધ સ્થાયી, પ્રિય તથા વિશેષ લાભદાયક છે.

તે જ પ્રમાણે પરમાત્મા સાથે આપણો વિશેષ ક્યો સંબંધ છે

અને અન્ય સંબંધ પણ ક્યા આધાર પર છે, તેનું જ્ઞાન હોવું અત્યંત જરૂરી છે, જે પોતાનો અતિ પ્રિય છે, ગાઢ સંબંધી છે. પરંતુ જો તેનું જ્ઞાન જ ન હોય તો ભલા પ્રીત કેવી રીતે સંભવિત છે? પત્નીને પોતાના પતિ સાથે પ્રેમ હોય છે. તો શું તે તેના પતિને નથી જાણતી? બાળકને પોતાના બાપ સાથે સંબંધ હોય છે તો શું બાળક બાપને નથી ઓળખતું? મિત્ર-મિત્રને મળે છે તો શું પરિચય રહિત મળશે? પરિચય વગર મિલનમાં આનંદ આવતો નથી. સેવક પોતાના સ્વામીને ન જાણતો હોય એ શું શક્ય છે? પશુ પણ પોતાના માલિકને ઓળખતાં હોય છે. તો શું મનુષ્ય પશુથી પણ નીચલી કક્ષામાં ગયો? જે પ્રભુને યાદ કરીએ છીએ, જેમને માતા-પિતા કહીએ છીએ તેમને જાણવાં શું જરૂરી નથી? માત્ર પ્રેમ જ પૂરતો છે? તો શું કહેવું ઉચિત છે કે પ્રભુ, કે જેની સાથે આપણો ગાઢ સંબંધ છે, તેમને જાણવાની આવશ્યકતા જ નથી? તેમની સાથે માત્ર પ્રેમ જ પૂરતો છે?

## પરમાત્મા સાથે યથાર્થ સંબંધ ન જોડવાથી પ્રાપ્તિમાં મહાન અંતર

પ્રભુ તો દાતા, દયાળુ અને કૃપાળુ છે, તેથી તેને પ્રેમપૂર્વક યાદ કરવાથી કાંઈ ને કાંઈ પ્રાપ્તિ તો થાય છે જ, થોડી મનોકામના, અભિલાષાપૂર્ણ તો થાય છે જ, પરંતુ એક ભિક્ષુકને શેઠ પાસેથી જે મળશે અને શેઠના નોકર તથા પુત્રને જે મળશે તેમાં અંતર તો હશે જ ને? વર્તમાન સમયે જ્ઞાન ન હોવાના કારણે મનુષ્ય પરમાત્મા સાથે યોગ્ય સંબંધ નથી જોડી શકતો તેથી જ પરમાત્મા પાસેથી જે ઉચ્ચ તથા સંપૂર્ણ પ્રાપ્તિ થવી જોઈએ તેનો અનુભવ થઈ શકતો નથી. તેથી જ કહેવાય છે કે 'જ્ઞાન વગર ગતિ નહિ' અર્થાત્ યથાર્થ જ્ઞાન વગર સંપૂર્ણ તથા અવિનાશી પ્રાપ્તિ સંભવિત નથી. જ્ઞાનસાગર પરમપિતા પરમાત્માનું સંતાન હોવાના કારણે આપણે પ્રેમસ્વરૂપની

સાથેસાથે જ્ઞાનસ્વરૂપ પણ બનવું જોઈએ, કારણ કે પિતાની હંમેશાં એ જ ઈચ્છા રહે છે કે મારાં બાળકો જ્ઞાનવાન, યોગ્ય તથા મહાન બને. તેમજ સંપૂર્ણ સૌભાગ્યની પ્રાપ્તિ કરે. એમ ન બને કે થોડી ઘણી પ્રાપ્તિ કરી ઉચ્ચ સૌભાગ્યથી વંચિત રહી જાય. જ્ઞાન વગર અન્ય અનેક પ્રકારના પ્રયત્નો દ્વારા થોડી ઘણી પ્રાપ્તિ થતી હોય છે, તેટલામાં જ માનવે ન થંભી જવું જોઈએ.

**જિજ્ઞાસુ:** બહેનજી, સર્વ મનુષ્યો સંપૂર્ણ પ્રાપ્તિની જ ઈચ્છા રાખતા હોય છે. તે માટે મનુષ્યે કેવો પુરુષાર્થ કરવો જોઈએ? વર્તમાન સમયે અનેક પ્રકારની સાધનાઓ સંસારમાં પ્રચલિત નથી. યજ્ઞ, યોગ, તીર્થયાત્રા, સંન્યાસ વગેરે કરવામાં આવે છે. તેમાં એવી કોઈ ખામી છે કે જેનાથી સંપૂર્ણ પ્રાપ્તિ સંભવિત નથી? ઈશ્વરીય જ્ઞાન આપણને પ્રભુપ્રાપ્તિ કે ઈશ્વરાનુભૂતિ માટે શું માર્ગદર્શન આપે છે તે વિષે સમજાવો. કારણ કે તે સમજવું ખૂબ આવશ્યક છે.

## ઈશ્વરાનુભૂતિ માટે પુરુષાર્થનું જ્ઞાન પણ જરૂરી છે.

**બ્રહ્માકુમારી:** જેમ મિલન માટે પ્રભુનો પરિચય જરૂરી છે. તેમ સાધનાનું જ્ઞાન પણ જરૂરી છે. જ્ઞાનરહિત પુરુષાર્થ કે પ્રયત્ન કાં તો અધૂરાં હોય છે અથવા તો અવાસ્તવિક હોય છે. લૌકિક-કાર્યવ્યવહારમાં પણ વિધિનું યથાર્થ જ્ઞાન હશે તો જ સિદ્ધિની પ્રાપ્તિ શક્ય બનશે. કોઈ પણ કાર્ય સમજપૂર્વક કરવાથી જ સફળતા પ્રાપ્ત થાય છે. આ સમજ એટલે 'જ્ઞાન' પરમાર્થ અથવા ઈશ્વરાનુભૂતિ માટે જે પુરુષાર્થ કરવામાં આવે છે તેના માટે પણ પહેલાં સમજ અથવા જ્ઞાન હોવું જરૂરી છે. સમજ હશે તો જ વાસ્તવિક પુરુષાર્થ શક્ય બનશે તથા તેનો સંપૂર્ણ લાભ પણ પ્રાપ્ત થશે.

સંન્યાસના ફળ સ્વરૂપે ઘણા પ્રકારની પ્રાપ્તિ થાય છે, છતાં પણ પ્રભુપ્રાપ્તિ કે ઈશ્વરાનુભૂતિ નથી થતી. આવું શા માટે?

સંન્યાસીઓ ઘર-બારના સુખનો ત્યાગ કરી, જંગલમાં જઈ કંદ-મૂળ ખાઈ જીવન જીવે છે. ગૃહસ્થ જીવનના ત્યાગના ફળ સ્વરૂપે સમાજ અન્ન તથા ધનથી તેમની સેવા કરવા પ્રેરાય છે. સંન્યાસીઓ પ્રકૃતિના પદાર્થોનાં મમત્વ અને લાલચ છોડે છે; પરિણામ સ્વરૂપે પ્રકૃતિ થોડી હદ સુધી તેમની દાસી બની જાય છે. અર્થાત્ તેમને કોઈ પદાર્થની ખોટ રહેતી નથી. તેમનામાં થોડી-ઘણી સિદ્ધિ પણ આવી જાય છે, જેના આધારે તેઓ પ્રકૃતિ પર અમુક પ્રકારે પ્રભાવ પાડી શકે છે. સંસારના વ્યર્થ માન-પદનો ત્યાગ કરવાથી તેમની કીર્તિ પણ ફેલાય છે. સાંસારિક જંજાળ તથા બંધનોથી દૂર રહેવાના કારણે તેમને થોડી શાંતિ પણ મળે છે અને વિકારોથી દૂર રહેવાના કારણે સંસારી-વિકારી મનુષ્યો તેમને નમસ્કાર પણ કરે છે. એ સ્પષ્ટ છે કે તેઓને આ પ્રાપ્તિ તેમના ત્યાગ અને સદાચારના કારણે થાય છે. આમ છતાં પરમપિતા પરમાત્માનું સત્ય જ્ઞાન ન હોવાના કારણે તેમને ઈશ્વરાનુભૂતિ થતી નથી. તેઓ સ્વયંને જ 'બ્રહ્મ' અથવા 'શિવ' માને છે, પરિણામે પ્રભુમિલનના પરમાનંદથી વંચિત રહી જાય છે. તેઓ આખી જિંદગી પ્રભુની શોધમાં જ શાસ્ત્રોનું વાંચન કરે છે, પૂજા કરે છે, તેમ જ ભ્રમણ કર્યા કરે છે. પરંતુ તેઓ પરમાત્માને આત્માથી અલગ માનતા જ નથી, તેથી તેમને પ્રભુમિલન કે ઈશ્વરાનુભૂતિનો અનુભવ થતો નથી. પરિણામ સ્વરૂપે તેઓ કહેતા હોય છે કે આત્માથી પરમાત્મા અલગ છે જ નહિ, પરમાત્માને પ્રાપ્ત કરી શકાતા જ નથી!

બુદ્ધ તથા મહાવીર સ્વામીએ પણ સંન્યાસ કર્યો હતો. તેઓએ કઠોર તપસ્યા કરી, લોભ-મોહનો ત્યાગ કર્યો, પરિણામે તેમણે પ્રકૃતિને દાસી બનાવી લાખો લોકોનો આદર પ્રાપ્ત કર્યો. તેમની વાણી પણ પ્રભાવશાળી બની તથા તેમની કીર્તિ પણ વધી. પવિત્ર જીવનને કારણે તેમને શાંતિની પ્રાપ્તિ પણ થઈ. આત્માના પ્રકાશની ઝલકનો પણ તેમણે અનુભવ કર્યો. આ બધું પ્રાપ્ત થવા

છતાં પણ તેઓને ઈશ્વરાનુભૂતિ ન થઈ, પ્રભુમિલનની સર્વોત્તમ પ્રાપ્તિ ન થઈ. મહાત્મા બુદ્ધને જ્યારે એક વ્યક્તિએ ઈશ્વર વિષે પ્રશ્ન કર્યો ત્યારે તેઓ મૌન જ રહ્યા. પરમાત્માના અસ્તિત્વ વિષે તેમણે ઉત્તર ન આપ્યો. શંકરાચાર્યે પણ સંન્યાસ કર્યો, શાસ્ત્રોનું ખૂબ અધ્યયન કર્યુ. ગૃહસ્થ જીવનની ઝંઝટથી દૂર રહ્યા અને ધર્મના પ્રચારમાં લાગી ગયા. તેમના જીવનમાં પવિત્રતા, શાંતિ તથા વાણીમાં પ્રભાવ હતો. તેમની બુદ્ધિ પણ તીક્ષ્ણ હતી. તેઓની વિદ્વત્તામાં અનેરું આકર્ષણ હતું. આમ છતાં તેઓ સ્વયંને જ 'શિવ' કે 'બ્રહ્મ' માનતા હતા. પરમાત્માના અલગ અસ્તિત્વનો સ્વીકાર તેઓ કરતા ન હતા. તેમનો વૈરાગ્ય-અદ્વૈત દૃષ્ટિકોણ તથા સંન્યાસ પર આધારિત છે. તેમાં પ્રભુમિલનનો રસ નથી. આ પ્રકારના વૈરાગ્ય દ્વારા આનંદ વિભોર બની પરમાત્માની મસ્તીમાં મસ્ત થવાનો-ગોપીઓ જેવો અનુભવ ન હતો. આ અલૌકિક અનુભવ તો જ્ઞાનયુક્ત રાજયોગી આત્માને જ થઈ શકે છે.

સંન્યાસ તો ઋષિ-મુનિઓએ પણ કર્યો. તેઓ પર્ણકુટિર બનાવી મનન-ચિંતનમાં લાગી રહી સાંસારિક સંકલ્પ-વિકલ્પયુક્ત વાયુમંડળથી દૂર રહ્યા. તેમણે આધ્યાત્મિક વિષયો પર કાંઈ ને કાંઈ સંશોધનનું કાર્ય કર્યુ. તેઓને 'ઋષિ-મુનિ' નુ બિરુદ પ્રાપ્ત થયું. લોકો આજે પણ તેઓને માન આપે છે. તેમનાં શાસ્ત્રો આજે પણ લાખોની સંખ્યામાં છપાય છે. અને લોકો પ્રેમથી તેમનું અધ્યયન કરે છે. તે સમયેના રાજા-મહારાજાઓ પણ તેઓને નમન કરતા અને પોતાનાથી મહાન સમજતા. ઋષિ-મુનિઓએ સદાચાર માટે નિયમો નિર્ધારિત કર્યા. ભક્તિ માર્ગની અનેક પ્રથાઓ શરૂ કરી, તર્કયુક્ત સિદ્ધાંતો પણ નિશ્ચિત કર્યા. પરંતુ તેઓને ઈશ્વરાનુભૂતિ તેમજ સાચો પ્રભુપરિચય તો ત્યારે જ થઈ શકે, જ્યારે સ્વયં પરમપિતા-પરમાત્મા સૃષ્ટિ પર અવતરણ કરે. ઈશ્વરનો પૂર્ણ તથા સત્ય પરિચય અને અનુભવ ન હોવાના કારણે જ ઋષિ-મુનિઓએ

પરમાત્મા વિષે 'નેતિ-નેતિ' કહ્યું તથા પરમાત્માને નામ-રૂપથી ન્યારા માન્યા.

ઉપરોક્ત ચર્ચા દ્વારા એ સ્પષ્ટ થાય છે કે સંન્યાસ કરવાથી કાંઈ ને કાંઈ પ્રાપ્તિ તો અવશ્ય થાય છે જ. પરંતુ સાચો સંન્યાસ, જેનાથી સર્વોત્તમ પ્રાપ્તિ થાય તથા ઈશ્વરાનુભૂતિ પણ થઈ શકે, તે અલગ છે. આ પ્રકારનો સંન્યાસ પરમપિતા પરમાત્માના સત્ય પરિચય વગર થઈ શકતો નથી. તે સાચા સંન્યાસનું પણ મનુષ્યને જ્ઞાન હોવું આવશ્યક છે. બુદ્ધ, મહાવીર વગેરેએ જે સંન્યાસ કર્યો તે વૈરાગ્ય ઉત્પન્ન થવાના ફળ સ્વરૂપ હતો. તે સંન્યાસ ઈશ્વરનો પરિચય પ્રાપ્ત થયા પહેલાંનો હતો. પરંતુ સાચો સંન્યાસ તો પ્રભુ પરિચય પ્રાપ્ત થયા બાદ જ થઈ શકે છે.

**જિજ્ઞાસુ:** આપે બતાવ્યો તે સાચો સંન્યાસ એટલે શું અને તેમાં પ્રભુ પરિચયની આવશ્યકતા કઈ રીતે છે ?

## સાચો સંન્યાસ શું છે ?

**બ્રહ્માકુમારી:** સાચા સંન્યાસનું રહસ્ય સમજાવતાં સ્વયં પરમાત્મા કહે છે કે, "હે વત્સ, મારા મિલન માટે તમારે કર્મનો ત્યાગ કરવાની, ગૃહસ્થના કર્તવ્યને છોડવાની કે જંગલમાં કઠોર તપ કરવાની અથવા મુશ્કેલી અનુભવ કરવાની આવશ્યકતા નથી. તું ગૃહસ્થ-વ્યવહાર અને સમાજ પ્રત્યે કર્તવ્યનિષ્ઠ બની પોતાને નિમિત્ત માની કાર્ય કર. સર્વસ્વ મને સમર્પણ કરી કર્તવ્યમાં માત્ર નિમિત્ત બની આસક્તિ રહિત બન. હે વત્સ સ્ત્રી સાથે રહેવા છતાં પણ વિકારનો ત્યાગ કર, સાંસારિક કાર્યો કરવા છતાં પણ ક્રોધનો ત્યાગ કર, મિત્ર-સંબંધીઓની વચ્ચે રહેવા છતાં પણ અનાસક્ત ભાવ રાખ તથા અલિપ્ત વૃત્તિ રાખ. આ પ્રકારનો વ્યવહાર જ વાસ્તવિક ત્યાગ છે. સમાજમાં રહેવા છતાં પણ દેહ-અભિમાનનો ત્યાગ કરવો તથા કમળ-ફૂલ સમાન શ્રેષ્ઠ જીવન બનાવવું એ જ

વાસ્તવિક સંન્યાસ છે. તું તારું મન મારામાં લગાવ (મનમનાભવ) કારણ એક મારામાં (ભગવાનમાં) મન લગાવવાથી આપમેળે જ સર્વસ્વનો ત્યાગ થઈ શકે છે. તું મન દ્વારા સર્વસ્વનો સંન્યાસ (ત્યાગ) કર; સ્થૂળ સંન્યાસની તો કોઈ આવશ્યકતા જ નથી. હે બાળક, હું ઘરબારના ત્યાગથી (હદના સંન્યાસથી) નથી મળતો, પરંતુ બેહદનો સંન્યાસી બનનાર અર્થાત્ સમાજમાં રહેવા છતાં પણ મન-બુદ્ધિને સંસારથી અલિપ્ત રાખવાવાળો સાચો યોગી જ મારી અનુભૂતિ કરી શકે છે.'' એથી સ્પષ્ટ છે કે આવા સંન્યાસ માટે પરમપિતા પરમાત્માનો યથાર્થ પરિચય હોવો જરૂરી છે, નહીં તો મનુષ્ય પ્રભુમાં મન કેવી રીતે લગાડી શકે ? પોતાનું સર્વસ્વ અર્પણ કોઈની પાસે કરશે ? જ્યાં સુધી તે મનને પ્રભુમાં એકાગ્ર ન કરે ત્યાં સુધી ઘરગૃહસ્થીમાં પત્ની, પદાર્થો તથા અન્ય સંગ હોવા છતાં પણ ન્યારા તથા પ્યારા બનીને રહેવાની શક્તિ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે ?

## સ્થૂળ યાત્રા દ્વારા ઘણી પ્રાપ્તિઓ થવા છતાં ઈશ્વરાનુભૂતિ શા માટે થતી નથી ?

જે ઘણા લોકો યાત્રા કરતા હોય છે તેઓની ભાવના એ હોય છે કે ''અમારી પ્રીત પ્રભુ સાથે છે. અમે તેના દર્શનાભિલાષી છીએ. અમે પ્રભુના ધામની યાત્રા કરીશું તો ક્યારેક તો પ્રભુ અમને દર્શન આપી સંતુષ્ટ કરશે.'' ઠંડી-ગરમી, લાંબી યાત્રાની થકાવટ, ભૂખતરસ, ભીડ વગેરે સહન કરવાની તૈયારી બતાવે છે. તેઓ યાત્રામાં પોતાની મહેનતની કમાણી પણ ખર્ચ કરે છે તથા શ્રદ્ધા-ભાવથી યાત્રાના તમામ નિયમોનું પાલન કરે છે. વર્તમાન સમયે ટ્રેન, બસ વગેરે સાધનો ઉપલબ્ધ છે અને રસ્તા પર જનસમુદાય પણ હોય છે. પરંતુ પહેલાંના સમયમાં તો ઘણોખરો યાત્રાનો માર્ગ નિર્જન જંગલમાંથી પસાર થતો હતો. રસ્તામાં હિંસક પશુઓથી

ભરેલ જંગલમાંથી પસાર થવું તે પોતાના જીવનને જોખમમાં મૂકવા સમાન હતું. ઘણાં યાત્રાધામ ઊંચા પર્વત ઉપર આવેલાં હોવાથી યાત્રીઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. છતાં પણ ઉમંગ-ઉત્સાહ, શ્રદ્ધાભાવના તેમ જ પ્રભુમિલનની આશા સાથે યાત્રાળુઓ સમૂહમાં તીર્થયાત્રા કરવા નીકળી પડતા હતા. દક્ષિણ ભારતના લોકો ઘણી મુશ્કેલીઓ સહન કરતાં કરતાં ઉત્તરમાં હિમાલય પર અમરનાથની યાત્રા કરવા નીકળી પડતા હતા. ઉત્તર ભારતના લોકો દક્ષિણમાં રામેશ્વરની યાત્રા કરવા નીકળતા હતા.

જતી વખતે તેઓના મિત્ર-સંબંધી તેમને વિદાય આપતાં હર્ષ અને શોક બંનેની લાગણી અનુભવતાં હતાં. શોક એ વાતનો હતો કે હિંસક પશુઓથી ભરપૂર એવાં ગાઢ જંગલો તથા માર્ગોને પસાર કરતાં કરતાં યાત્રાની તમામ પ્રકારની મુશ્કેલીઓમાંથી બચીને તેઓ સલામત રીતે પાછાં ફરશે કે નહીં. તેઓ હર્ષ એ વાતનો અનુભવતાં કે જો તેઓ યાત્રા પર પહોંચી જાય તો તેમને યાત્રા પર મોકલવાનું થોડું પુણ્ય આપણને પણ મળી જશે, તથા તેઓ અમારા તરફથી ગંગામાં ડૂબકી લગાવશે અને અમરનાથને તેઓ અમારા તરફથી પ્રાર્થના કરશે કે ‘‘હે પ્રભુ, મારા મિત્ર-સંબંધીઓએ પણ હાથ જોડી આપને સંદેશો પાઠવ્યો છે કે પ્રભો, અમારાં પાપો માફ કરો તથા સજાઓથી અમને મુક્ત કરો.’’ આ પ્રકારે ભાવ-વિભોર થઈ લોકો યાત્રા કરવા જતા હતા. ઘણા શ્રદ્ધાળુ ભક્તો યાત્રાસ્થળ આવતાં પહેલાં ઘણો માર્ગ દંડવત્ પ્રણામ કરતા, રગદોળાતા, પોતાના ઈષ્ટદેવની સેવામાં ઉપસ્થિત થતા હતા. શું તેના શરીરે ફોડલા ઊઠી જતા નહીં હોય ? પરંતુ તેઓને તેમની કાયા-કલાની કોઈ જ ચિંતા નહોતી. આટલી કઠોર યાત્રા પછી તેઓ નિર્ધારિત સ્થાન પર પહોંચી, પ્રેમથી પોતાના પ્રિયતમ પ્રભુની પ્રતિમા સામે નતમસ્તકે ઊભા રહેતા. શું તેઓને ઈશ્વરાનુભૂતિ તેમજ પ્રભુનો સત્ય પરિચય થઈ જતો હતો ? શું તેઓને સાચા

યોગીઓ જેવી સ્થિતિ પ્રાપ્ત થતી હતી ? શું મનોવિકારો તથા વાસનાઓની કાળાશથી તેઓ અડોલ સ્થિતિને પ્રાપ્ત કરતા હતા ? આજે પણ ઘણા લોકો જીવનમાં વારંવાર તીર્થસ્થાનોની યાત્રા કરે છે. પરંતુ શું તેઓ તીર્થ-સ્વરૂપ, જ્યોતિસ્વરૂપ, પરમપાવન-પરમ હિતકારી ત્રિભુવનેશ્વર પરમપિતા પરમાત્માની નજીક પહોંચી શકે છે ?

પોતાના અત્યંત પ્યારા પ્રભુને મળવાની ઈચ્છાથી યાત્રા કરતાં-કરતાં મનુષ્ય જે પ્રકારે કષ્ટ સહન કરે છે, તેનું ફળ તો તેને અવશ્ય મળે છે જ. ઘરબાર, દુકાનદારી વગેરેના સંકલ્પ-વિકલ્પથી બુદ્ધિ મુક્ત થવાથી તેઓ થોડી શાંતિની અનુભૂતિ કરે છે. તેમજ માર્ગમાં 'જય શિવ ભોલાનાથ', 'અમરનાથ મહારાજની જય' - આ પ્રકારની ધૂન મચાવતાં યાત્રા કરે છે. આ પ્રકારે પ્રિયતમ પ્રભુની સ્મૃતિનું ફળ પણ કોઈ સાંસારિક ઈચ્છાની પૂર્ણતાના રૂપમાં પ્રાપ્ત થાય છે. પરંતુ માસ કે બે માસ આ લૌકિક કે સ્થૂળ યાત્રાથી થતી પ્રાપ્તિ પણ લૌકિક, અલ્પસમયની તથા સ્થૂળ જ હોય છે. બસ તેથી વિશેષ તેને પ્રભુપ્રાપ્તિ કે મિલનનો આંતરિક અનુભવ નથી થતો, રસ્તાની મુશ્કેલીઓ સહન કરવાથી તેઓમાં સહનશીલતાનો થોડો ઘણો સદ્‌ગુણ ધારણ થાય છે. પ્રભુપ્રેમમાં ધનનો વ્યય કરવાથી તેઓનું હૃદય થોડું વિશાળ બને છે અને ધન પ્રત્યે તેઓનું આકર્ષણ ઓછું થાય છે. થોડી શાંતિની પ્રાપ્તિ થાય છે અને પ્રભુપ્રેમ વધે છે. છતાંય ઈશ્વરાનુભૂતિના પરમ આનંદથી તેઓ પોતાનું જીવન ધન્ય નથી બનાવી શકતા, આમ શા માટે ?

## આવી યાત્રાઓ દ્વારા ઈશ્વરાનુભૂતિ શા માટે નથી થતી ?

જે વ્યક્તિને મળવા જઈએ તેનો યથાર્થ પરિચય ન હોય તો વિચાર કરો કે યથાર્થ સ્વરૂપમાં કેવી રીતે તેને મળી શકે ? જ્યાં

જવું છે. તે સ્થાનની માહિતી ન હોય તો કેવી રીતે સ્થળે પહોંચી શકાય ? મનુષ્ય પ્રભુ પાસે જવાની ઈચ્છા રાખે છે પરંતુ તેઓ પહોંચે છે પ્રતિમા પાસે. તેઓ પ્રભુના અવ્યક્ત ધામ કે જ્યાં શાંતિ, પવિત્રતા છે ત્યાં જવાની ઈચ્છા રાખે છે. પરંતુ તેઓ આ સ્થૂળ ધરતી પર જ રહી જાય છે. જ્યોતિ સ્વરૂપ પરમાત્મા કે જે પરમધામ અથવા શિવપુરીના રહેવાસી છે તેમની પાસે સ્થૂળ શરીર સાથે થોડું પહોંચી શકાય છે ? પહોંચવાની ભાવના તો મનુષ્યની છે, પરંતુ સ્થૂળ તીર્થને જ પરમાત્માનું ધામ (રહેઠાણ) માની તેઓ ઉઘાડા પગે નીકળી પડે છે. જો પરમાત્માના સત્ય પરિચયનું જ્ઞાન હોય અને તેના ધામનું પણ સ્પષ્ટ જ્ઞાન હોય તો પ્રભુમિલન માટે તડપતો માનવ સહજ રીતે પોતાના મન-બુદ્ધિ રૂપી ઘોડા પર સવાર થઈ પોતાના પ્રિયતમ પાસે પહોંચી શકે છે. તેમજ પ્રભુમિલનના આનંદ સરોવરમાં ડૂબકી લગાવી મોજ માણી શકે છે. પ્રેમના સાગરમાં તે પોતાના મનને સ્નેહપૂર્ણ કરી શકે છે. તેમજ તે શાંત-મહાસાગરમાં શાંતિની જનમ-જનમની તરસ છિપાવી શાંતિ-સ્વરૂપ બને છે. પરમપિતા પરમાત્માનું યથાર્થ જ્ઞાન ન હોવાના કારણે તેઓ વિપુલ પ્રાપ્તિથી વંચિત રહી જાય છે.

જેથી હવે પરમાત્મા પિતા કહે છે: ‘હે બાળક, હું સ્થૂળ, લૌકિક તીર્થયાત્રાઓ દ્વારા પ્રાપ્ત નથી થતો. બાળક, તું બુદ્ધિ રૂપી હોડીમાં બેસીને જ્ઞાન અને યોગનાં હલેસાં દ્વારા આ ભવસાગરથી પાર મને મળી શકે છે. બાળક, હું પરમધામનો વાસી, જ્યોતિ સ્વરૂપ છું અને તારો અત્યંત સ્નેહી પિતા છું. હું તારી પ્રતીક્ષામાં જ ઊભો છું. જ્યાં સુધી તું શરીર ભાનમાં રહીશ અને જ્યાં સુધી આ સંસારમાં વ્યક્તિ, સ્થાન અને વસ્તુની યાદમાં રહીશ ત્યાં સુધી તું મને નહિ મળી શકે. હે બાળક, તું મને યથાર્થ રીતે ઓળખી એક મારી જ સ્મૃતિમાં સ્થિત થવાથી મારી અનન્ય અને સ્નેહ-ભરી યાદ દ્વારા જ મને મળવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત કરી શકે છે. હે બાળક !

તું મનને આ સંસારના સ્થૂળ પદાર્થમાં લગાવવાના બદલે એક મારામાં સ્થિત કરી મન દ્વારા મારા તરફ આગળ વધ. જ્ઞાન-યુક્ત બુદ્ધિ દ્વારા મારી પાસે આવ, હું તો તને જ મળવાની પ્રતીક્ષા કરી રહ્યો છું. બાળક! દેહના સંન્યાસનો આધાર છોડી તું સરળ મનથી મને યાદ કર. તેમજ તેના માટે જ્ઞાનરૂપી આધારને પ્રાપ્ત કર. બાળક! તું મને જ તારી આ પારલૌકિક યાત્રાનો મુખ્ય માર્ગદર્શક માની મારા દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત કર કારણ કે પરમધામની પારલૌકિક યાત્રાનો માર્ગ મારા સિવાય અન્ય કોઈ સાંસારિક પંડા નથી જાણતા.'

**જિજ્ઞાસુ:** બહેનજી, આ બધી ચર્ચા સાંભળતાં મારું મન પ્રભુ પ્રેમથી હર્ષિત થઈ રહ્યું છે. છતાં મારા મનમાં એક પ્રશ્ન ઊઠે છે કે જે લોકોને યજ્ઞમાં શ્રદ્ધા છે, તેઓ તો કહે છે યજ્ઞ જ પ્રભુપ્રાપ્તિનું પ્રથમ સોપાન છે, બહેનજી, જે યજ્ઞ કરે છે તેને ન તો તીર્થયાત્રાની મુશ્કેલીનો અનુભવ કરવો પડે છે કે ન તો ઘરબારનો સંન્યાસ કરવાની જરૂર પડે છે. તો પ્રભુ તથા દેવતાઓની સ્મૃતિ કરતાં કરતાં અગ્નિહોત્ર કરતાં રહે છે. તેનાથી વાતાવરણ પણ શુદ્ધ થાય છે. તેઓનું મન પણ ઉદાર બને છે તેમજ બીજાં પ્રત્યે પ્રેમ-ભાવના પણ જાગૃત થાય છે. બહેનજી, યજ્ઞ વિષે આપનું શું મંતવ્ય છે? શું યજ્ઞ દ્વારા પ્રભુમિલનનું અલૌકિક સુખ મળી શકે છે?

## શું યજ્ઞ દ્વારા ઈશ્વરાનુભૂતિ શક્ય છે?

**બ્રહ્માકુમારી:** આપ જ કહી રહ્યાં છો, યજ્ઞ, એ 'પ્રથમ સોપાન' છે. જન્મ જન્માંતરથી મનુષ્ય યજ્ઞ તો કરતો જ આવ્યો છે. તો શું આ પ્રથમ સોપાનથી આગળ નથી વધવું? અવશ્ય યજ્ઞ કરનાર વ્યક્તિને ઈશ્વર પરત્વે શ્રદ્ધા તો હોય છે. તેઓ સમય-પ્રતિ સમય સાધન સામગ્રી લઈને હોમહવન કરવામાં મશગુલ બની જાય છે. તેઓ કોઈ પણ રીતે તે માટે સમય ફાળવે છે, ખર્ચ કરે છે, હઠ

મનોબળથી તેમાં કાર્યરત થઈ જાય છે. ઈશ્વરમાં તેઓની જે શ્રદ્ધા છે, ધાર્મિક કાર્ય કરવાની તેમની જે તીવ્ર આકાંક્ષા છે અને તે કાર્યમાં ધન ખર્ચની તેમની જે પ્રવૃતિ છે, તે સર્વેનું ફળ તેમને મળે છે. સ્વયં તથા અન્ય માટે વાતાવરણને શુદ્ધ કરવાના કર્મનું પુણ્ય તેમને મળે છે. આ પ્રકારના પુરુષાર્થના કારણે તેઓમાં ધર્મ-પ્રેમ, પ્રભુ-પ્રીતિ, ત્યાગ-ભાવના વગેરે ગુણોનું સ્વતઃ સિંચન થાય છે તેમજ શાંતિ, સ્વાસ્થ્ય, સદાચાર વગેરેની મનોઈચ્છા પણ અમુક અંશે પૂર્ણ થાય છે. છતાં પણ તેઓ મનોવિકારોથી પૂર્ણ રીતે છૂટી શકતા નથી, પ્રભુ-પ્રાપ્તિની સર્વોચ્ચ સ્થિતિ અને સુખની અનુભૂતિ કરી શકતા નથી, કારણ કે દેવયજ્ઞ તો મુખેન્દ્રિય દ્વારા દેહના પ્રયોગથી કરવામાં આવેલ કર્મકાંડ છે કે જે પ્રકૃતિનાં તત્વો અને પદાર્થોના પ્રયોગથી કરવામાં આવે છે. જ્યારે ઈશ્વરાનુભૂતિ દેહથી અલગ થઈને, પ્રકૃતિના સંકલ્પથી દૂર થઈને, એક માત્ર પ્રભુની સ્મૃતિના રસપાનનું નામ છે.

## કર્મકાંડ દ્વારા ઈશ્વરાનુભૂતિ શા માટે થતી નથી ?

પરમપિતા પરમાત્મા કહે છે, ‘‘હે બાળક ! હું સ્થૂળ યજ્ઞ-તપ વગેરેથી નથી મળતો, કારણ કે હું સૂક્ષ્મ તથા અવ્યક્ત છું (ગીતા અધ્યાય ૧૧ શ્લોક ૪૮ તથા ૫૩). હે બાળક, તું શારીરિક સાધનો તથા સાધના દ્વારા મારો અનુભવ નથી કરી શકતો, કારણ કે હું અશરીરી છું (ગીતા અધ્યાય-૭ શ્લોક ૨૪). હે બાળક ! હું મુખેથી ‘ઓમ-ઓમ’ વગેરે ઉચ્ચારણ કરવાથી પ્રાપ્ત નથી થતો કારણ કે હું ઈન્દ્રિયો તેમજ અવાજથી પર છું. મને મળવા માટે તું યોગાગ્નિ પ્રજ્વલિત કર તથા જો તું તેમાં તારા પુરાણા સંસ્કારોની આહુતિ આપી જ્ઞાન રૂપી ઘી રેડ્યા કરીશ તો તારા વિકારો ભસ્મીભૂત થશે. હે બાળક ! વ્યવહારમાં પોતાનું સર્વસ્વ મને જ અર્પણ કરી અનાસક્તિ, ઉપરામચિત્ત તથા નિમિત્તવૃત્તિથી સંસારમાં કર્મ કર.

આ જ સાચો 'યજ્ઞ' છે જેના દ્વારા દિવ્ય ગુણોની સુગંધ ફેલાશે તેમજ વાતાવરણ સતોપ્રધાન બની જશે. જેથી હે બાળક! તું બીજા માટે કલ્યાણની ભાવનાથી ઉદાર ચિત્ત થઈ, ઈશ્વરાર્પણ વૃત્તિથી કર્મ કરી દેવપદને પ્રાપ્ત કર. આ જ વાસ્તવિક 'દેવ યજ્ઞ' છે.''

**જિજ્ઞાસુ:** બહેનજી! શાસ્ત્રજ્ઞ લોકો પાંચ પ્રકારથી યજ્ઞ કરે છે. એક તો આપે જે બતાવ્યો તે 'દેવ યજ્ઞ'. તે ઉપરાંત 'મનુષ્ય યજ્ઞ' અતિથિઓની સેવા કરવી, ગરીબો, રોગીઓ વગેરેને સહાય કરવી આને 'મનુષ્ય યજ્ઞ' કહી શકાય. પશુ પક્ષીઓ વગેરેને ખવડાવવું-પીવડાવવું-તેને 'ભૂત યજ્ઞ' કહી શકાય. પિતૃ વગેરેને પાણી અર્પણ કરવું તથા શ્રાદ્ધ કરવું અને બ્રાહ્મણોને ભોજન, દક્ષિણા આપવાના કર્તવ્યને 'પિતૃ યજ્ઞ' કહેવામાં આવે છે. આ બધાથી શ્રેષ્ઠ 'બ્રહ્મ-યજ્ઞ' અથવા 'ઋષિ-યજ્ઞ' માનવામાં આવે છે. જ્ઞાન પ્રાપ્તિને 'બ્રહ્મ-યજ્ઞ' અથવા 'ઋષિ-યજ્ઞ' માનવામાં આવે છે. જ્ઞાન પ્રાપ્તિને 'બ્રહ્મ યજ્ઞ' કહેવામાં આવે છે. 'દેવ યજ્ઞ' ઉપરાંત જે બીજા ચાર પ્રકારના યજ્ઞો છે, તે વિષે આપનો શું અભિપ્રાય છે?

## સાચા યજ્ઞનું સ્વરૂપ

**બ્રહ્માકુમારી:** આપે યજ્ઞના જે પાંચ પ્રકારના ગણાવ્યા છે તેનાથી, જેઓ શાસ્ત્રવાદીઓ છે, તેઓ તો પરિચિત છે જ. બાકી અન્ય મનુષ્યો આ નામોથી અપરિચિત હોવા છતાંય તેઓ અતિથિ સેવા, ગરીબો તથા અનાથોની સેવા, પશુ-પક્ષીઓની સેવા ઉપરાંત ગ્રંથોના અભ્યાસનું કાર્ય ઓછાવત્તા અંશે તો કરતા જ હોય છે. વાસ્તવમાં કોઈ પણ કર્મ જે પોતાની તેમજ બીજાની ભલાઈ માટે, ત્યાગવૃત્તિથી તથા ધાર્મિક ભાવનાથી કરવામાં આવે છે, તે 'યજ્ઞ' જ છે. 'યજ્ઞ' શ્રેષ્ઠ કર્મોનું નામ છે. માનવે કર્તવ્ય તો કરવું જ જોઈએ

તેમાં બેમત નથી. આ પ્રકારનાં યજ્ઞ-કર્મ થોડાં ઘણાં સુખ રૂપી ફળ આપનાર છે. છતાંય તે ઈશ્વરાનુભૂતિ તરફ લઈ જનાર નથી. ગરીબોની સહાયતા કરવાના પરિણામ સ્વરૂપે બીજા જન્મમાં સુખ-સંપત્તિની પ્રાપ્તિ થાય છે. અતિથિ સત્કારના ફળ સ્વરૂપે પોતાના સંતાન તરફથી સુખ, આદર તથા સહયોગ પ્રાપ્ત થાય છે, પરંતુ આ તો સારાં કાર્યોનું પ્રથમ સોપાન છે. પ્રભુ-પ્રાપ્તિ માટે તો 'કર્મયોગી' બનવું જરૂરી છે, તેમજ થોડા કલાકો માટે 'યજ્ઞ' નહીં પરંતુ નિરંતર દેવોના દેવ, એક પરમાત્માની જ સ્મૃતિની લગનમાં મગ્ન રહેવાની તથા મન-બુદ્ધિને તેના જ સ્વ સ્વરૂપ, ગુણ-કર્તવ્ય, સંબંધના મનન ચિંતનમાં તન્મય કરવાની જરૂર છે. ચાલતાં ફરતાં તથા કર્મ કરતાં પણ પ્રભુ પ્રત્યે સમર્પણ વૃત્તિ રાખી નિમિત્ત બનીને કર્તવ્ય કરવાનો અભ્યાસ જરૂરી છે.

## સર્વ યજ્ઞ 'જ્ઞાનયજ્ઞ' માં સમાયેલા છે.

ભગવાન કહે છે ''હે બાળક, તું આ સૃષ્ટિમાં મહેમાન (અતિથિ) છે, કારણ કે નથી તને પરમધામથી આ સૃષ્ટિ પર આવ્યાની તિથિનો ખ્યાલ કે નથી અહીંથી જવાની તિથિનો ખ્યાલ. જેથી તું અહીં પોતાનું મમત્વ છોડી એક મહેમાનની જેમ જીવન વ્યતિત કર. હવે પરમધામ જવાના દિવસો નજીક આવી ગયા છે, માટે હે બાળક! હવે તું પોતાને મહેમાન સમજી કર્મ કર. હવે તું આ ન્યારો 'અતિથિ-યજ્ઞ' કર. બાળક! વર્તમાન સમયે સર્વ આત્માઓ ઈશ્વરીય જ્ઞાન-ધન રહિત હોવાના કારણે ગરીબ છે. તું પોતે પણ ગરીબ છે. સતયુગના ડબલ તાજધારી દેવતાઓની સરખામણીમાં વર્તમાન મનુષ્યાત્માઓનું જીવન વિષયવિકારોની પ્રવેશતાના કારણે કોડી સમાન કંગાળ બની ગયું છે. જેથી તું પોતે આ ઈશ્વરીય જ્ઞાન દ્વારા રંકથી રાય બન અને અન્ય આત્માઓને પણ અવિનાશી જ્ઞાન-ધન દ્વારા હંમેશ માટે ધનવાન બનાવવાની તથા તેને સ્વર્ગમાં રાજ્ય-

ભાગના અધિકારી બનાવવાની સર્વોત્તમ સેવા કર. આ પ્રમાણે તું સાચો 'મનુષ્ય-યજ્ઞ' કર. બાળક! તું યોગી બન, યોગની અંજલિ તારા પૂર્વજોને આપ. આ રીતે જ તે આત્માઓને શાંતિની પ્રાપ્તિ થશે. બાળક, સર્વ આત્માઓનું બીજ હું છું. સર્વનો સંબંધ એક મારી સાથે જ છે. તું મારી સ્મૃતિમાં રહીને જ મારા દ્વારા પોતાના પૂર્વજોને શાંતિ આપી શકીશ. હે બાળક, આજ સુધી જે જે આત્માઓએ શરીર છોડ્યાં છે તે સર્વ અહીં આ પૃથ્વી લોકમાં મનુષ્ય તનમાં છે. આથી તું તેઓને ઈશ્વરીય જ્ઞાનની અંજલિ આપ. તે દ્વારા તેઓનું કલ્યાણ થશે અને તેઓમાં આનંદની લાગણી ઉત્પન્ન થશે. તું હવે આ પ્રકારનો સાચો 'પિતૃ-યજ્ઞ' કર. પ્રિય બાળક! બ્રહ્મા દ્વારા અપાયેલ ઈશ્વરીય જ્ઞાનને પ્રાપ્ત કર્યા બાદ જીવનમાં તેને ધારણ કરી જ્ઞાન સ્વરૂપ બનવું એ જ વાસ્તવમાં 'બ્રહ્મયજ્ઞ' કર્યા બરાબર છે. તેના દ્વારા જ તું ત્રિકાળદર્શી રાજઋષિ બનીશ. તે ઉપરાંત તને ભવિષ્યમાં દેવપદની તથા સર્વ સુખોની પ્રાપ્તિ થશે. જેથી હવે તું મેં શીખવેલ સર્વયજ્ઞોમાં શ્રેષ્ઠ 'જ્ઞાન-યજ્ઞ' કર તેમાં તારા પુરાણા સંસ્કારોની આહુતિ આપ, તેમજ દેહ અભિમાનને સ્વાહા કરી બધાં સુખી થાય તેવું કર્તવ્ય કર. જે બીજાને સુખ આપે છે તે સુખ પ્રાપ્ત કરે છે અને જે બીજાને દુઃખ આપે છે તે દુઃખી થઈને મરે છે. હે બાળક, તું 'ઓમ-ઓમ' ના પાઠનો આલાપ અથવા ઉચ્ચારણને બદલે બુદ્ધિ દ્વારા દેહભવને છોડી 'ઓમ' ના અર્થ સ્વરૂપમાં શાંતિપૂર્વક સ્થિત થઈ વાણીથી ઉપરામ થઈ તું સંકલ્પને મારામાં (શિવ પરમાત્મામાં) એકાગ્ર કર. આ પ્રકારે એકાગ્ર બુદ્ધિ દ્વારા જ તું મારો અનુભવ કરી શકીશ. બાળક, તું અક્ષરોનું ઉચ્ચારણ કરવાના બદલે મનને અક્ષર (અવિનાશી) ની અવિનાશી મૌન સ્મૃતિમાં સ્થિર કર. તું મારી આ શ્રીમત માન. હે બાળક! મારા (પરમધામ) માં વાણી નથી પહોંચી શકતી, નથી સ્થૂળ કર્મ ત્યાં પ્રવેશ પામી શકતાં. કેવળ સૂક્ષ્મ બુદ્ધિથી પ્રેમભરી સ્મૃતિ દ્વારા મારી પાસે પહોંચી શકાય છે.''

## ભક્તિના નવ પ્રકાર

**જિજ્ઞાસુ:** બહેનજી! ઉપર્યુક્ત વાતો મધુર તેમજ વિવેકયુક્ત છે. આ વાતો મારા મનને ઘણી જ પ્રિય લાગે છે. છતાં એક પ્રશ્ન મારા મનમાં ઉદ્ભવે છે કે જે લોકો નવધા ભક્તિ કરે છે, તેઓ પણ ઘણી જ શ્રદ્ધા-ભાવનાથી ભગવાનનાં ગુણગાન કરતા હોય છે.

નવધા એટલે નવ પ્રકારની ભક્તિ. તેમાં પ્રથમ છે 'શ્રવણ ભક્તિ' અર્થાત્ સત્સંગમાં જઈ ભગવાનના નામ, રૂપ, લીલા અને કથા શ્રદ્ધાપૂર્વક સાંભળવાં. તે દ્વારા વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને અંતમાં હરિનામ સાંભળતાં-સાંભળતાં શરીર છોડી દે છે. બીજો પ્રકાર છે 'કીર્તન'. ભગવાનનાં નામ, રૂપ, ચરિત્ર વગેરેનું શ્રદ્ધા અને પ્રેમપૂર્વક વર્ણન કરવું અથવા વાજાં-નગારાં વગેરેથી ભગવાનની સ્તુતિ કરવી. આને 'કીર્તન' કહેવામાં આવે છે. ત્રીજો પ્રકાર છે 'સ્મરણ' અર્થાત્ ભગવાનનાં નામ, ગુણ વગેરે ભજવાં અને યાદ કરવાં, 'ૐ' નો જાપ કરવો એ પણ સ્મરણ જ છે. રામ, કૃષ્ણ અને શંકર વગેરેના ચરણકમળનું ધ્યાન કરવું અને જ્યાં-જ્યાં દેવતાઓનાં ચરણ ચૂમ્યાં છે, તેને 'તીર્થ' માની તે સ્થળની યાત્રા કરવી તે 'પાદ સેવન' નામની ભક્તિ છે. પત્ર, પુષ્પ, ચંદન તથા સાત્ત્વિક પદાર્થો દ્વારા દેવતાઓ અથવા ભગવાનની પૂજા કરવી એ 'અર્ચન' છે. ભગવાનની પાર્થિક અથવા માનસિક મૂર્તિ સમક્ષ માથું નમાવવું અથવા પ્રણામ કરવા તે 'વંદના-ભક્તિ' છે. આ પ્રકારની ભક્તિના પરિણામે મનમાંથી અહંકારનો નાશ થાય છે. ભગવાનની આજ્ઞાને અનુકૂળ ચાલવું તે 'દાસ-ભક્તિ' છે. ભગવાનમાં પૂર્ણ વિશ્વાસ રાખી મિત્રભાવથી તેની સાથે અનન્ય પ્રેમ કરવો તે છે 'સખા-ભક્તિ'. મમતા અને અહંકારને છોડીને તન-મન-ધન સહિત પોતાની જાતને પરમાત્મા પિતાને અર્પણ કરવી તે 'આત્મ-નિવેદન'. બહેનજી! સ્થૂળ ભક્તિ અથવા બહિર્મુખ ભક્તિના બદલે જો આંતરિક અથવા માનસિક ભક્તિ કરવામાં આવે તો શું તે દ્વારા ઈશ્વરાનુભૂતિ અથવા પ્રભુ-મિલન શક્ય નથી?

## શું ભક્તિથી યથાર્થ ઈશ્વરાનુભૂતિ શક્ય છે?

**બ્રહ્માકુમારી:** ભક્તિનો અર્થ ભગવાન પ્રત્યે પ્રેમ, શ્રદ્ધા અને સન્માન વ્યક્ત કરવું એ જ છે ને? છતાં ઈશ્વરાનુભૂતિ શા માટે થતી નથી?

પરંતુ જે પરમાત્મા પ્રત્યે ભક્તની અનન્ય પ્રીતિ છે, તે પરમાત્માને જાણવા તો જરૂરી છે ને? પરિચય વગર પૂજા કરવી એ તો અંધિયારો માર્ગ અપનાવ્યા બરાબર છે. આજે જેઓ ભક્તિ કરે છે, તેઓ ભૂતકાળમાં થઈ ગયેલ દેવતાઓ-શ્રી કૃષ્ણ, શ્રીરામ અથવા જગદમ્બા વગેરેની પૂજા કરી રહ્યા છે. પરંતુ 'ભગવાન' તો આ દેવતાઓના પણ દેવ છે. તે એક જ છે. જ્યોતિ સ્વરૂપ છે અને

સર્વેના રચયિતા છે, જેથી સ્પષ્ટ છે ભગવાનને ન જાણવાના કારણે જ લોકો દેવી-દેવતાઓના શારીરિક રૂપને સામે રાખે છે. જ્યારે શારીરિક રૂપ તો ભૌતિક, વિનાશી, પરિવર્તનશીલ અને પ્રકૃતિકૃત છે, જેથી શરીરભાવના રહેવાના કારણે ભક્તિ કરવા છતાં પણ આત્મિક સ્મૃતિના રૂપમાં સ્થિત થતા નથી. પરિણામે તેઓ માટે ભગવાનના અશરીરી-જ્યોતિર્મય બિન્દુ સ્વરૂપની સ્મૃતિમાં સ્થિત થવું અશક્ય-મુશ્કેલ બની જાય છે.

## સત્ય સ્વરૂપ પરમાત્માનો યથાર્થ પરિચય ન હોવાને કારણે સાચી અનુભૂતિ થતી નથી.

અવ્યભિચારી ભક્તિ અથવા અનન્ય ભક્તિ કરનાર ભક્ત આત્માઓ મુશ્કેલીઓ કે કષ્ટો સહન કરવાનો વિચાર ન કરતાં પ્રતિદિન પરોઢિયે (અમૃતવેળાએ) ઊઠીને સ્નાન વગેરેથી નિવૃત્ત થઈ, ધ્યાન, પૂજાપાઠ કરી, મંદિર કે કથા-કીર્તનમાં જાય છે અને ભાવ-વિભોર થઈ હૃદયમાં પોતાના ઈષ્ટની ભક્તિ કરે છે. તેના દ્વારા તેનું મન સંસારથી થોડું ઉપરામ રહે છે. પ્રભુની ચર્ચા સાંભળવામાં તેની રુચિ વધતી જાય છે. તેઓ વિષયવાસનાઓના ત્યાગમાં માને છે. આહાર-વ્યવહારની શુદ્ધતાની તેઓ સંભાળ રાખે છે. તેમજ નમ્રતા, દાન વગેરે ગુણો સ્વતઃ પ્રાપ્ત કરે છે. પરંતુ પરમાત્માની સત્ય પરિચયની જાણ ન હોવાના કારણે તેઓ પરમાત્માના સત્ય સ્વરૂપની સ્મૃતિમાં નથી રહી શકતા, જેથી તેઓને ઈશ્વરાનુભૂતિ થઈ નથી શકતી.

ભક્ત પ્રેમરસમાં તરબોળ રહે છે, તેને તેના ઈષ્ટની લગન તો રહે છે જ. તેઓ નિત્ય નિશ્ચિત સમય પર ભક્તિ-પૂજા તો કરે છે. તેઓ તેમની વાણી તથા કર્મ પર તેમજ ખાન-પાન પર થોડું ધ્યાન પણ રાખે છે. તેથી તેઓને આંતરિક સુખની અનુભૂતિ થોડા ઘણા અંશે થાય છે. તેમજ તેઓને ઈષ્ટનાં દર્શન પણ થાય છે. કોઈવાર થોડા સમય માટે જ્યોતિનાં દર્શન પણ થાય છે. છતાં ભગવાનના સત્ય સ્વરૂપથી અજ્ઞાત હોવાના કારણે તે સત્યતાની ટોચ સુધી નથી પહોંચી શકતા. થોડી પ્રાપ્તિથી જ સંતોષ માની તઓ અટકી જાય છે. તેઓ પોતાનાં નયન સમક્ષ પ્યારા ઈષ્ટનાં દર્શન થવાથી 'પ્રભુ-પ્રભુ' ના પોકાર સાથે આંધળી દોટ મુકે છે અને ક્ષણમાત્ર માટે ઈષ્ટ દેવતાના દર્શનથી ખુશ થઈ જાય છે. પરંતુ ઈષ્ટ દેવતાનાં દર્શન કરવાવાળા અથવા મનોકામના પૂર્ણ કરવાવાળા જે ભગવાન

છે તેમને તો તેઓ જાણતા જ નથી, જેથી તે ભગવાન સાથે તેમનું મિલન કેવી રીતે થઈ શકે ? પરંતુ ભક્ત એ કલ્પી શકતો નથી કે દર્શન એ જ મિલન નથી. મિલન એ ઉન્નતિનું પ્રથમ સોપાન છે. તે દર્શનને જ મિલન સમજી મનોકામના પૂર્ણ થઈ તેમ માની ત્યાં જ પુરુષાર્થમાં થંભી જાય છે. જ્ઞાન રહિત ભક્તિની વિધવા નારી જેવી દશા છે; જે પતિને મળવા માટે વિલાપ કરે છે તથા તેને સ્વપ્નમાં પણ જુએ છે. ક્યારેક તેના વિચારોમાં પણ ખોવાઈ જાય છે. પરંતુ તે વાસ્તવિક મિલનનો અનુભવ નથી કરી શકતી. જ્ઞાન રહિત ભક્તિ એક અનાથ બાળક છે, જે પિતાની પ્રાપ્તિ કરવા દર-દર ભટક્યા કરે છે, ફરિયાદ કરે છે. તેવી જ રીતે જ્ઞાન ન હોવાના કારણે ભક્ત દેવતાઓ પાસે ઝોળી ફેલાવે છે.

## ભકતો પ્રત્યે પરમાત્માનાં મહાવાક્યો

પરમાત્મા કહે છે, ''હે બાળક, હું જે છું, જેવો છું મને તેવી જ રીતે મારા દ્વારા જાણીને યાદ કર. તું મારી અનન્ય સ્મૃતિમાં રહી મારી આજ્ઞા અનુસરી પોતાનું જીવન ઉન્નત બનાવ. બાળક! ભક્તોનો પોકાર સાંભળી હું સ્વયં ધર્મગ્લાનિના સમયે ગીતા જ્ઞાન સંભળાવવા તેમજ દિવ્ય ચરિત્રનો સાક્ષાત્કાર કરાવવા સૃષ્ટિ ઉપર આવું છું. તું હવે વાસ્તવિક રીતે મારા દ્વારા જ્ઞાન સાંભળ અને જ્ઞાનના આધારે તું મારી સ્મૃતિમાં સ્થિત થા. હે બાળક! મારે કોઈ હાથ-પગ નથી જેથી મારે કાજે કોઈ ચરણસ્પર્શ કરવાની કે તીર્થયાત્રા કરવાની જરૂરિયાત નથી. બાળક! માત્ર તું મારી શરણમાં આવ કે જેથી હું તારા જન્મોજન્મનાં પાપ ભસ્મ કરીશ. સદાકાળ માટે સુખ-શાંતિથી તારી ઝોળી ભરી દઈશ. જેથી હવે તું ચરણામૃતના બદલે જ્ઞાનામૃતનું પાન કર. માળાના મણકા ફેરવવાનું બંધ કરી તું મનના મણકા ફેરવ. માળાનો ચૈતન્ય મણકો બન. તું ભજન-કીર્તન કરવા કરતાં મનમાં મારા સ્વરૂપની સ્મૃતિ રાખ, જેથી તું મારી સાથે સાચું મિલન મનાવી શકીશ.''

**જિજ્ઞાસુ:** બહેનજી! હવે હું એ તો સ્પષ્ટ રીતે માનું છું કે જ્ઞાન વગર ગતિ શક્ય નથી. જ્ઞાનરહિત સાધના અધૂરી અથવા ભૂલભરેલી છે. હું તો આ વાતોને પહેલેથી જ માનતો હતો, પરંતુ હવે તો બીજાને પણ આ બાબત અંગે સ્પષ્ટીકરણ આપી શકીશ. પરંતુ બહેનજી, ઘણાં લોકો કહેતા હોય છે કે ''જાણવાવાળા જાણેલી ચીજથી હંમેશાં મહાન હોય છે.'' એટલે પરમાત્માને જાણવા એનો

અર્થ કે પરમાત્માથી પણ મોટા બની જવું. વાસ્તવમાં મનુષ્યાત્મા, પરમાત્માથી મહાન થઈ શકતા નથી. પરમાત્માનો અર્થ છે: 'પરમ+આત્મા.' જેથી મનુષ્ય પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી નથી શકતો. ભગવાનને માની શકાય છે, પરંતુ તેને જાણવા એ મનુષ્યની શક્તિ બહારની વાત છે. મનુષ્યનું જ્ઞાન હંમેશાં સીમિત હોય છે, જેથી ભગવાનને જાણવાનો દાવો કરવો અર્થાત્ ભગવાનને હદમાં લાવવા. જે હદમાં આવી જાય તેને ભગવાન કેવી રીતે કહી શકાય ?

## શું મનુષ્ય પરમપિતા પરમાત્માને જાણવા સમર્થ છે ?

**બ્રહ્માકુમારી:** મનુષ્ય પોતાની અલ્પ બુદ્ધિ દ્વારા કે પોતાની શોધ દ્વારા પરમાત્માને જાણી નથી શકતો કે નથી તે ચર્મચક્ષુ દ્વારા પરમાત્માને જોઈ શકતો. પરંતુ જ્યારે જ્ઞાન સાગર પરમાત્મા સ્વયં અવતરિત થઈ મનુષ્યને બુદ્ધિ અને દિવ્ય ચક્ષુ આપી જ્ઞાન પ્રદાન કરે છે, તેમજ દિવ્ય સાક્ષાત્કાર કરાવે છે ત્યારે જ તે પરમાત્માને જાણવા સમર્થ બને છે. જ્યાં સુધી પરમાત્મા સ્વયં અવતરિત ન થાય અને દિવ્ય બુદ્ધિ તથા દિવ્યચક્ષુ ન આપે ત્યાં સુધી પરમાત્માને જાણી નથી શકાતા પરંતુ તેના દ્વારા જેટલી બુદ્ધિ તેમજ દૃષ્ટિનું વરદાન તે પ્રાપ્ત કરે છે, તેટલું જ તે જાણી શકે છે.

હકીકતમાં પરમાત્માને જાણવા એટલા મુશ્કેલ નથી જેટલો મનુષ્યના સ્વભાવને જાણવો મુશ્કેલ છે, કારણ મનુષ્યના સ્વભાવમાં ચંચળતા છે, તે પરિવર્તનશીલ છે, ક્ષણ-ક્ષણમાં બદલાતો રહે છે. સંસારમાં પ્રત્યેક મનુષ્યનો પરિચય અલગ છે જ્યારે પરમાત્મા તો એક જ છે, અપરિવર્તનશીલ છે. પોતાનો પરિચય તે પોતે જ આપે છે, જેથી તેમને જાણવા તો અતિ સહજ છે - જેમ વૃક્ષની પ્રત્યેક ડાળ તથા પાંદડાને ઓળખવા કરતાં બીજને જાણવું ઘણું જ સહજ છે અને લાભદાયક છે કારણ કે બીજમાં જ વૃક્ષનો સાર સમાયેલ છે. તેવી જ રીતે પ્રત્યેક મનુષ્યની ઓળખવાની સરખામણીમાં બીજ સ્વરૂપ નિરાકાર પરમાત્માને જાણવા અતિ સહજ છે તથા લાભદાયક છે. પરમાત્મા દ્વારા દિવ્યબુદ્ધિનું વરદાન પ્રાપ્ત કરી મનુષ્ય પ્રભુનો પરિચય પ્રાપ્ત કરી શકે છે. કોઈ ગુહ્ય રહસ્યો પ્રાપ્ત કરે છે. પરંતુ પ્રભુનો પરિચય ન હોવાથી મનુષ્ય નાસ્તિકતા તરફ પ્રયાણ કરે છે. સંસારમાં પણ મનુષ્યને એક વ્યક્તિ સાથે ગાઢ પરિચય હશે અને બીજા સાથે અલ્પ, પરંતુ પરિચય ન

હોવો તે તો બિલકુલ અલગ વાત છે. જેથી મનુષ્યે પિતા પરમાત્માનું જ્ઞાન તો પ્રાપ્ત કરવું જ જોઈએ. કોઈમાં જ્ઞાનની ધારણા વધારે હશે, કોઈમાં ઓછી હશે. સંસારમાં અન્ય બાબતોને જાણવા માટે વર્ષોનો સમય લગાડવો પડે છે તથા હજારો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. જેને ઓળખવાથી જીવનનું કલ્યાણ થાય છે તથા સુખ-શાંતિની પ્રાપ્તિ થાય છે, સફળતા મળે છે તે મેળાપને 'અશક્ય' માનવો એ શું પોતાની જાતને છેતરવા બરાબર નથી ?

## પરમાત્માનો પરિચય આપવાવાળા પરમ સદ્‌ગુરુ કોણ હોઈ શકે ?

પરમાત્મા સ્વયં પરમ શિક્ષક અને પરમ સદ્‌ગુરુ બની ધર્મગ્લાનિના સમયે આવીને કહી રહ્યા છે, ''હે બાળક ! હું શાસ્ત્ર, તીર્થ, યજ્ઞ વગેરે દ્વારા પ્રાપ્ત નથી થતો. માટે તું મને મારા દ્વારા જાણ.'' જે મનુષ્યને પરમપિતા પરમાત્માનો પરિચય નથી તે અનાથ છે. એ મનુષ્ય તો પશુથી પણ તુચ્છ છે. જેણે પોતાના અતિ પ્રિય પિતા પરમાત્માને નથી જાણ્યા અને ઈશ્વરીય જન્મસિદ્ધ અધિકાર પ્રાપ્ત નથી કર્યો તો મનુષ્ય જન્મ લઈને તેણે શું પ્રાપ્ત કર્યું ?

## કોડી સમાન જીવન

**જિજ્ઞાસુ:** સત્ય હકીકત છે, બહેનજી. પરમાત્માને જાણ્યા વગરના જીવનને કોડીતુલ્ય કહી શકાય. ભગવાનને જાણવાની વાત અલગ રહી પરંતુ ઘણા લોકો તો આત્માને જ પરમાત્મા માને છે. તેઓ કહે છે કે પરમાત્મા આત્માની અંદર જ સમાયેલો છે. તો શું સ્વયં આત્માની અંદર જ જ્ઞાન છે કે આત્મા જ પરમાત્મા છે ?

**બ્રહ્માકુમારી:** પરમપિતા પરમાત્માના સત્ય-યથાર્થ પરિચયથી વંચિત હોવાના કારણે આજે સંસારમાં અનેક વિવાદો ફેલાયેલા છે. પરમપિતા પરમાત્મા તો ન્યારા, પ્યારા અને મહાન છે. આત્માને જ પરમાત્મા કહેવું એ તો નાના મોઢે મોટી વાત કહેવા બરાબર છે; કૃતઘ્નતા તેમજ મિથ્યા અભિમાન પ્રદર્શિત કરવા જેવી વાત છે. પરમાત્મા માટે તો કહેવાયું છે કે ''સાગરની શાહી બનાવીએ, જંગલનાં વૃક્ષોની ડાળીઓની કલમ બનાવીએ અને પૃથ્વી રૂપી કાગળ પર લખીએ તોપણ તેની મહિમાનું વર્ણન પૂર્ણ ન થઈ શકે. ઋષિ-મુનિ પણ તેમની મહિમાને અવર્ણનીય અને 'અપરંપાર' કહે છે. હવે આત્માને પરમાત્મા માનવા એ તો બાળકને બાપ માનવા સમાન છે, તથા તેની સાથેના મિલનથી વંચિત રહેવા બરાબર

છે.''

## એ નિર્ણય કેવી રીતે થાય કે ઈશ્વરીય જ્ઞાન ક્યું છે ?

**જિજ્ઞાસુ:** આ વાત તો સ્પષ્ટ છે કે લોકો જ મિથ્યા અભિમાનને વશીભૂત થઈ એવું કહ્યા કરે છે. પરંતુ પ્રત્યેક ધર્મના અનુયાયીઓ કહેતા હોય છે કે અમારા ધર્મગ્રંથોમાં જે જ્ઞાન છે તે સ્વયં પરમાત્માએ જ આપ્યું છે. તો વાસ્તવમાં ઈશ્વરીય જ્ઞાન ક્યું છે તે નિર્ણય કઈ રીતે થઈ શકે ?

**બ્રહ્માકુમારી:** સંસારમાં વર્તમાન સમયે એ જ મોટી સમસ્યા છે કે ઈશ્વર કોણ છે અને તેના દ્વારા આપવામાં આવેલ જ્ઞાન ક્યું છે ? જો મનુષ્ય તે જ્ઞાનને યોગ્ય રીતે જાણી લે તો તેને ઈશ્વરાનુભૂતિનો માર્ગ સ્પષ્ટ રીતે પ્રાપ્ત થઈ શકે છે.

સમસ્ત સંસારના મનુષ્યો એટલું તો જરૂર માનતા હોય છે કે પરમાત્મા ત્રિકાળદર્શી છે, ત્રિલોકીનાથ છે, સૃષ્ટિની સ્થાપના, વિનાશ અને પાલના કરવાવાળા છે. તેઓ આદિ-મધ્ય-અંતને જાણનાર અને પરમ પવિત્ર છે. જ્ઞાનના સાગર, શાંતિના સાગર, આનંદના સાગર, પ્રેમના સાગર તેમજ સર્વશક્તિવાન છે. તેઓ સર્વ મનુષ્યાત્માઓના પરમપિતા છે. પતિત પાવન છે તથા મુક્તિ અને જીવનમુક્તિદાતા છે. અજન્મા, અભોક્તા અને અવિનાશી છે. તેમનાં કોઈ માતા-પિતા કે શિક્ષક નથી જેથી એ તો સ્પષ્ટ છે કે તેના દ્વારા આપવામાં આવેલ જ્ઞાન દ્વારા ત્રણ લોક ત્રણ કાળ તથા સૃષ્ટિના આદિ-મધ્ય-અંત તથા સ્થાપના-પાલના વિનાશનો યુક્તિ-યુક્ત, વિવેક સંગત પરિચય પ્રાપ્ત થાય છે. તે જ્ઞાન દ્વારા મનુષ્ય સંપૂર્ણ નિર્વિકારી અને પાવન બને છે તથા સુખ, શાંતિ, આનંદ પ્રાપ્ત કરી શકે છે. પરમાત્મા સ્વયં વર્તમાન સમયે અવતરિત થઈને પોતાનો પરિચય આપી રહ્યા છે.

**જિજ્ઞાસુ:** બહેનજી ! આપે કહ્યું તેમ જ્ઞાન અને યોગ એ જ સર્વશ્રેષ્ઠ અને એક માત્ર સાચો માર્ગ છે. પરંતુ ઘણા લોકો કહેતા હોય છે કે પહેલાં મનુષ્યે યજ્ઞ વગેરે કર્મકાંડ કરવા જોઈએ, જેના દ્વારા અંતઃકરણની શુદ્ધતા આવે છે. પછી મનુષ્યે ભક્તિ કરવી જોઈએ, તેના દ્વારા વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. ત્યારે જ જ્ઞાન અને યોગની શિક્ષા માટે મનુષ્યની માનસિક ભૂમિકા તૈયાર થાય છે. શું આ મંતવ્ય યથાર્થ છે ?

## શું પહેલાં કર્મકાંડ, પછી ભક્તિ અને ત્યાર બાદ જ્ઞાન હોવું જોઈએ ?

**બ્રહ્માકુમારી**: યજ્ઞ વગેરે કર્મકાંડ તો મનુષ્ય દિવસભરમાં કલાક અર્ધો કલાક જ કરે છે. બાકીના સમયમાં પોતાના કાર્ય-વ્યવહારમાં જ લાગી રહે છે. જેથી સ્પષ્ટ છે કે મનુષ્યે જ્ઞાન પ્રાપ્ત ન કર્યું હોય તો તેના દ્વારા થયેલ કર્મ વિકર્મ જ થવાનું. વિચારવા જેવી હકીકત છે કે આ સ્થિતિમાં અંત:કરણની શુદ્ધતા સંભવિત છે ? એ સાધારણ વિવેકની વાત છે કે કોઈ પણ કર્મ કરતાં પહેલાં મનુષ્યને તેનું જ્ઞાન હોવું જરૂરી છે. નહિ તો અજ્ઞાનતા વશ ભૂલો થવા સંભવ છે. જેથી અંત:કરણની શુદ્ધિ માટે તો જ્ઞાન અને યોગ જરૂરી છે, જેના દ્વારા મનુષ્ય કર્મ, અકર્મ અને વિકર્મની ગતિના પારસ્પરિક ભેદને સમજી કર્મ કરે અને વિકર્મથી બચીને રહે. કર્મ કરતાં સમયે પણ પરમાત્માની યાદ અથવા યોગ હોવો અતિ જરૂરી છે. તેના દ્વારા જ મનુષ્યની બુદ્ધિ, મન સ્થિર અને કર્મેન્દ્રિયો શીતલ બની શકે છે. જેથી તો કહેવત છે કે ''હાથ કાર્ય કરે, દિલ યાર (પરમાત્મા) સાથે રહે.'' તે પ્રકારે જ્ઞાન અને યોગ વગર ન તો આત્મશુદ્ધિ થઈ શકે છે કે ન તો મનની વૃત્તિઓ ઉપરામ, અનાસક્ત અને વૈરાગ્ય યુક્ત બને છે. જેમ શારીરિક શુદ્ધિ પાણી દ્વારા સ્નાનથી થાય છે તેમ આત્મશુદ્ધિ જ્ઞાન-સ્નાનથી થઈ શકે છે. જેમ સોનું અગ્નિમાં તપવાથી શુદ્ધ થાય છે, તે જ રીતે આત્માશુદ્ધિ પણ યોગ અગ્નિ દ્વારા વિકર્મ વિનાશ કરવાથી શક્ય બને છે.

**જિજ્ઞાસુ**: જેમ લૌકિક વિદ્યાની પ્રાપ્તિ માટે પ્રથમ બાળક બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરે છે અને ત્યાર બાદ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે છે, તે રીતે શું એ શક્ય નથી કે મનુષ્ય પહેલાં યજ્ઞ, કર્મકાંડ અને ભક્તિ કરે અને ત્યાર બાદ ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરે ?

**બ્રહ્માકુમારી**: પોતાની જાતને જાણવી અને સ્વયં પરમાત્મા પિતાને જાણવા શું મુશ્કેલ હોઈ શકે ? એક નાનું બાળક પણ પિતાનું નામ, રહેઠાણ, ધંધો, કર્તવ્ય, ગુણ વગેરેને જાણે છે. ઈશ્વરીય જ્ઞાન તો ઘણું સરળ છે, કેવળ મિથ્યા જ્ઞાનને સિદ્ધ કરવા માટે લોકોએ ઘણા ગ્રંથો બનાવ્યા છે. બાલમંદિર પણ વિદ્યાની જ સીડી છે. જેથી પ્રારંભથી મનુષ્યને જ્ઞાન અર્થાત્ આધ્યાત્મિક વિદ્યા મળવી જરૂરી છે. હા, જ્ઞાન આપવાની ઝડપ જ્ઞાન પ્રાપ્ત

કરવાવાળાની બુદ્ધિ અને સ્વભાવ પર નિર્ભર છે.

## શું કળિયુગમાં ફક્ત હરિનામ સ્મરણ જ પૂરતું નથી ?

**જિજ્ઞાસુઃ** બહેનજી ! વર્તમાન સમયે એવું વાતાવરણ જ ક્યાં છે કે મનુષ્ય જ્ઞાનને આચરણમાં મૂકી શકે. કળિયુગને તો વરદાન મળેલું છે કે આ યુગમાં પ્રભુ પ્રાપ્તિ ઘણી સહજ રીતે થાય છે. આથી મારા મત અનુસાર હરિનામ-સ્મરણ જ યોગ્ય છે.

**બ્રહ્માકુમારીઃ** મનુષ્ય જેનું નામસ્મરણ કરે છે તેનું રૂપ પણ તેની સામે તો આવે છે જ ને ? તેનાં કર્તવ્યોની સ્મૃતિ તેની સામે આવે છે. તેમજ તેની સાથે તેનો સંબંધ શું છે તેની સ્મૃતિ પણ તેના મન પર અંકિત થાય છે. દા.ત., શું એવી વ્યક્તિ હશે કે જે શ્રીકૃષ્ણનું નામ લેતી હોય પરંતુ તેના રૂપની સ્મૃતિ ન આવતી હોય ? શ્રીકૃષ્ણના કર્તવ્યની અને સંબંધની સ્મૃતિ ન આવતી હોય ? તેવી જ રીતે દેવોના દેવ પરમાત્માનું દિવ્ય નામ શું છે, તેમનું રૂપ કેવું છે તથા તેની સાથે આત્માઓનો શું સંબંધ છે તે બાબતનું જ્ઞાન હોવું અતિ જરૂરી છે. બીજી વાત છે કે અત્યારે જે સમય ચાલી રહ્યો છે તે સમય કળિયુગ નહીં પરંતુ પુરુષોત્તમ સંગમયુગનો છે. વર્તમાન સમય ધર્મગ્લાનિનો છે કે જ્યારે પરમાત્મા સ્વયં અવતરિત થઈ ઈશ્વરીય જ્ઞાન તેમ જ રાજયોગની શિક્ષા આપી સતયુગની ફરીથી સ્થાપના કરી રહ્યા છે. જેથી હવે તો પરમાત્મા દ્વારા અપાતા જ્ઞાન અને યોગનો આધાર લેવો જોઈએ.

જેમ વાસ્તવિક ઈશ્વરીય જ્ઞાન સ્વયં ઈશ્વર આવીને જ આપે છે, તેવી જ રીતે ઈશ્વરીય યોગનું શિક્ષણ પણ સ્વયં પરમાત્મા જ આવીને આપે છે. શ્રીમદ્ભગવતગીતા આ વાતની સાક્ષી આપે છે કે લૌકિક ગુરુ વાસ્તવિક યોગ શીખવી શકતા નથી, પરંતુ વાસ્તવિક યોગનો અભ્યાસ કરાવવા માટે યોગેશ્વર, અવ્યક્ત મૂર્ત ભગવાનને સ્વયં આ સંસારમાં અવતરણ કરી આવવું પડે છે. તેઓ જે યોગનો અભ્યાસ કરાવે છે તે જ યથાર્થ છે. તેના દ્વારા જ અનુભૂતિ સંભવિત છે. તેથી જ તો ગીતામાં મહાવાક્ય છે કે ‘‘આ યોગ કલ્પ (૫૦૦૦ વર્ષ) પહેલાં પણ મેં બતાવ્યો હતો, હવે તે પ્રાયઃલુપ્ત થયો છે. તો ફરીથી તેનો અભ્યાસ કરાવવા હું નિરાકાર પરમાત્મા આ સૃષ્ટિ પર અવતરિત થયો છું’’ (ગીતા અધ્યાય-૫ શ્લોક ૨.૩)